Toppersnotes®
Unleash the topper in you

# ગુજરાત

## સબ ઇન્સ્પેક્ટર

Gujarat Police Recruitment Board

ભાગ - 1

(પેપર 2)

**ગુજરાતી અને અંગ્રેજી ભાષાનું કૌશલ્ય**

SIERRA INNOVATIONS

# અનુક્રમણિકા


| ગુજરાતી અને અંગ્રેજી ભાષાનું કૌશલ્ય | | |
|---|---|---|
| 1. | નિબંધ લેખન | 1 |
| 2. | સંક્ષેપીકરણ | 54 |
| 3. | ગદ્ય સમીક્ષા | 84 |
| 4. | પત્રલેખન | 96 |
| 5. | અહેવાલ લેખન | 128 |
| 6. | Precis-Writing | 142 |
| 7. | Comprehension Passage | 156 |

# 1 CHAPTER નિબંધ લેખન

## ઌ નિબંધલેખન

- 'નિઃ + બંધ' એમ બે શબ્દના જોડાણથી 'નિબંધ' શબ્દ બન્યો છે. "નિઃ" એટલે પૂરેપૂરું અને 'બંધ' એટલે બંધાયેલું, ગોઠવાયેલું અને રચાયેલું.
- નિબંધ એટલે ચોક્કસ વસ્તુ કે વિષય પરના વ્યક્તિના અંગત વિચારો કે અભિપ્રાયોની અભિવ્યક્તિ.
- નિબંધ શબ્દ સામાન્ય રીતે કોઈ પણ પ્રકારની લેખિત રચનાનો સમાવેશ કરી લે છે.
- નિબંધનો અંગ્રેજી શબ્દ 'Essay' છે, જેનો અર્થ ' પ્રયત્ન કરવો' કે 'મહેનત કરવી' થાય છે. તેના સંદર્ભે 'નિબંધ લખીએ છીએ' એનો અર્થ જ એવો થાય છે કે સારી ભાષામાં આપણા વિચારો અભિવ્યક્ત કરવાનો 'પ્રયત્ન' કે 'સ્વાધ્યાય' કરીએ છીએ.
- નિબંધલેખનમાં લેખક પોતાના મનમાં ઉદ્‌ભવતા અગણિત વિચારોને પોતાની દીર્ઘદષ્ટિ અને કોઠાસૂઝથી પાનાં પર ટૂંકમાં, સ્પષ્ટ અને સરળ શબ્દોમાં આલેખે છે. તેના વાંચન થકી જનસમુદાય લેખકના મનમાં ઉદ્દભવેલા અગણિત વિચારોને સમજી અને જાણી શકે છે.
- નિબંધ લખવા નિબંધકાર હોવું આવશ્યક નથી. જનસમુદાય સાથે સંકળાયેલી દરેક વ્યક્તિ બાળપણથી જ લેખક છે એ સ્વીકારવું જ રહ્યું! ફક્ત તફાવત એટલો જ છે કે લેખક એ કલ્પનાના વિશાળ સમુદ્રને શબ્દોમાં પરિવર્તિત કરી પાનાં પર આલેખે છે. જ્યારે જનસમુદાય વાર્તારૂપે એક વ્યક્તિથી અન્ય વ્યક્તિને સંભળાવે છે.
- આથી કહી શકાય કે નિબંધ લખવો જનસમુદાય માટે પણ ખૂબ જ સરળ અને સહજ છે.

  બસ, ફકત કલમ ઉઠાવવાની જ દેરી છે; પછી હરકોઈ 'નિબંધકાર' જ છે.

## ● નિબંધના મુખ્ય ૩ પ્રકાર છે :

(1) **આદિ (પ્રારંભ/શરૂઆત)**
- જેમાં વિષયનો પરિચય કરાવવાનો થાય.
- એક ફકરામાં જે-તે વિષયાનુસાર તમારી રજૂઆતની શરૂઆત કરતું લખાણ લખવું.

(2) **મધ્ય (વચ્ચેનું)**
- એમાં વિષયનું મુખ્ય વક્તવ્ય, અભિપ્રાય, સમર્થન, દાખલા-દલીલ વગેરે ફકરાવાર દર્શાવી શકાય.
- શરૂઆતનું લખાણ વિસ્તારપૂર્વક સમજાય તેવું લખવું.

(3) **અંત (સમાપ્તિ)**
- નિબંધનું વક્તવ્ય સમેટી લઈને તેના ઉપસંહાર કે તારણ પર આવવું જોઈએ.
- અંતમાં હકારાત્મક /આશાવાદી/ ભવિષ્યલક્ષી લખાણ લખવું જોઈએ.
- નિબંધ માટેની ત્રણ આવશ્યકતા :
  (1) વાચન
  (2) નિરીક્ષણ-અવલોકન
  (3) ચર્ચા-વિચારણા
- આ ત્રણ આવશ્યકતા મુજબ દરેક વ્યક્તિ વાંચે, જુએ અને લોકોની સાથે વાર્તાલાપ કરે તો વ્યક્તિ પોતાના મગજને વિચારો અને જ્ઞાનથી સમૃદ્ધ કરી શકે અને ત્યારે વ્યક્તિને વિચારો શોધવા નહીં પડે, પણ વિચારો જ આપોઆપ શબ્દો બની જશે.

### નિબંધના વિવિધ પ્રકાર

| | |
|---|---|
| 1) વર્ણનાત્મક | 2) ચિંતનાત્મક |
| 3) કાલ્પનિક | 4) માહિતીદર્શક |
| 5) કથનાત્મક | 6) આત્મકથાત્મક |

**1) વર્ણનાત્મક**
- વર્ણનાત્મક પ્રકારના નિબંધમાં કોઈ બનાવ, પદાર્થ, સ્થળ, યાત્રા વગેરેનો ઉલ્લેખ કરવામાં આવે છે.
- કોઈ ઉત્સવ કે પર્વ, આયોજન કે યાત્રાનો ઉલ્લેખ ઘટનાઓના ક્રમ મુજબ કરવામાં આવે છે.
- ઘટનાનું કાલ્પનિક દૃષ્ટિમાંથી આબેહૂબ વર્ણન આ પ્રકારમાં થાય છે .

**2) ચિંતનાત્મક :**
- ચિંતનાત્મક પ્રકારના નિબંધમાં માત્ર વિચાર તથા ચિંતન દ્વારા જ વિષયાનુસાર લખાણ કરવામાં આવે છે.

Unleash the topper in you

- વ્યક્તિ પોતાના વિચારોની ક્ષમતા દ્વારા ચિંતનાત્મક વિચારો/ શબ્દો થકી પાનાં પર કંડારવાની કળા બતાવે છે, જેમાં રૂબરૂમાં સાંભળેલી કે જોયેલી વાતનું કોઈ જ વર્ણન હોતું નથી.

**3) કાલ્પનિક :**

- કાલ્પનિક પ્રકારના નિબંધમાં કલ્પનાથી ઉત્પન્ન થયેલું એટલે કે વાસ્તવિક નહીં એવું લખાણ લખવામાં આવે છે.
- વ્યક્તિ પોતાની કલ્પનાશક્તિ દ્વારા વાસ્તવિકતાથી ઘણું દૂર એટલે કે કલ્પેલું લખાણ આ પ્રકારમાં રજૂ કરે છે.

**4) માહિતીદર્શક :**

- માહિતીદર્શક પ્રકારના નિબંધમાં માહિતી દેખાડનારું લખાણ રજૂ કરવામાં આવે છે.

**5) કથનાત્મક :**

- કથનાત્મક પ્રકારના નિબંધમાં વર્ણન,વિવેચન કે સ્પષ્ટીકરણના રૂપમાં લખાણ લખવામાં આવે છે.

**6) આત્મકથાત્મક :**

- આત્મકથાત્મક પ્રકારના નિબંધમાં પોતાની જીવનકથાને લેખન સ્વરૂપે રજૂ કરવામાં આવે છે.
- વ્યક્તિ પોતાના જીવનનો સાર આત્મચરિત્ર કે આત્મવૃત્તાંતના સ્વરૂપમાં રજૂ કરે છે.

## ૮ નિબંધ લેખનની મહત્ત્વની બાબતો / લક્ષણો :

(1) નિબંધના "શીર્ષક" વિશે સૌપ્રથમ વિચાર થવો જોઈએ. શીર્ષકના આધારે નિબંધલેખનમાં કયા મુદ્દાઓ સમાવવા તેનો ખ્યાલ આવે છે.

(2) નિબંધના બધા મુદ્દાઓનું અનુસંધાન તેનું શીર્ષક બની રહેવું જોઈએ. વિષયની બહાર જઈ મુદ્દાઓની ચર્ચા કરવી-એમાં વિષયનું તાદ્દય-સાતત્ય જળવાઈ શકતું નથી.

(3) શીર્ષકના આધારે તેના મુદ્દાઓની નોંધ કર્યા પછી કયા મુદ્દાને કેટલો અને કેવી રીતે વિસ્તારવો, તેનું મનન કરવું જોઈએ.

(4) નિબંધમાં મુદ્દાને અનુરૂપ અને વિષયને સંગત હોય તેવાં અવતરણો, કહેવતો, રૂઢિપ્રયોગો, ગુજરાતી કે અન્ય જાણીતી ભાષાની પંક્તિઓ, સુભાષિતો વગેરેનો ઉપયોગ કરવો જોઈએ. નિબંધમાં મુદ્દાઓમાં અલગ-અલગ સ્થાને તે મુકાય; એકસાથે બધી જ પંક્તિઓ એક જ મુદ્દામાં ન લખાય તેની સાવધાની રાખવી જોઈએ.

(5) નિબંધ લખતી વખતે વાક્યો અતિશય લાંબાં ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

(6) પરિચ્છેદની સપ્રમાણતા જળવાઈ રહે તેની કાળજી લેવી.

(7) વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ થાય, અનુસ્વાર, જોડણી વગેરે પણ યોગ્ય રીતે લખાય તેની ખાસ કાળજી રાખવી.

(8) નિબંધનો પ્રથમ મુદ્દો પ્રસ્તાવના અને છેલ્લો મુદ્દો ઉપસંહાર યોગ્ય રીતે લખાય તે ખાસ જોવું. નિબંધના થોડા નમૂનાઓનો અભ્યાસ કરવાથી આ કુશળતા આપમેળે કેળવાઈ જશે.

(9) કાગળમાં યોગ્ય હાંસિયો રાખવો, મુદ્દાઓ થોડા મોટા અક્ષરે લખવા, ફકરા-પરિચ્છેદની શરૂઆતમાં યોગ્ય જગ્યા છોડવી અને પ્રત્યેક પેટા મુદ્દાને અંતે ગુરુવિરામ મૂકવું.

(10) અનુગ અને નામયોગીના નિયમો ધ્યાનમાં લઈ નિબંધ લખવો, જેથી ભાષાશુદ્ધિ જળવાઈ રહેશે અને ગુજરાતી વ્યાકરણના નિયમાનુસાર શુદ્ધ લખાણ લખી શકાશે.

(11) પરીક્ષામાં પુછાતા નિબંધો વિદ્યાર્થીની વય-કક્ષા અને અનુભવ જગતને ધ્યાને રાખીને જ પુછાય છે. એટલે 'શીર્ષક' ઉપર થોડું મનન કરવાથી તે વિષય-નિરૂપણ માટેના મુદ્દાઓ અને રજૂઆતના શબ્દો અવશ્ય મળી આવે છે. પણ હા, એ માટે અગાઉ થોડા નિબંધો જોઈ જવા જરૂરી ગણાય.

(12) નિબંધ પૂરેપૂરો લખાઈ જાય પછી તેને ઓછામાં ઓછો એક વખત અવશ્ય વાંચી જવો જોઈએ. જેથી તેમાં રહેલી નાની-મોટી ક્ષતિઓ સુધરી જાય.

(13) સારું લખાણ લખવા માટે રોજબરોજની વૈશ્વિક, રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આજુબાજુની મહત્ત્વની ઘટનાઓ વિશે જાણકારી પ્રાપ્ત થતી રહેવી જોઈએ. એ માટે વર્તમાનપત્રો, સામયિકો, સમાચારો સાથે સંપર્કમાં રહેવું જોઈએ.

(14) નિબંધ લખવામાં મનને મોકળું રાખવું. પોતાના વિચારો હૃદય ખોલીને વ્યક્ત કરવા અને તો જ આપણો નિબંધ રસમય અને જીવંત બની શકશે.

(15) નિબંધમાં મૌલિક વિચારો સુવ્યવસ્થિત સ્વરૂપે સચોટ અને સરળ શૈલીમાં વ્યક્ત થવા જોઈએ. આ માટે પાંડિત્યપૂર્ણ ભાષાથી વેગળા રહેવું. વિચારોનું પુનરાવર્તન ન કરવું અને શૈલીમાં આડંબર ન વર્તાવો જોઈએ.

(16) નિબંધલેખન એ મહાવરાનો વિષય છે, એટલે ક્રમશઃ આ વિષયમાં ચોક્કસ કુશળ બની શકાય છે.

નિબંધ લેખનની મહત્ત્વની બાબતો/લક્ષણો ઉપરથી આપણે નિબંધ લેખન તરફ પ્રયાણ કરીશું, જેમાં સૌપ્રથમ 'પુરુષાર્થ' વિષય પર લેખન કરવું હોય તો કેવી રીતે મુદ્દાઓનો વિચાર કરવો તેનો નમૂનો જોઈએ :

સૌપ્રથમ આપણે વિચારીશું - પુરુષાર્થ એટલે શું? પુરુષાર્થ વિશે બીજાના-અનુભવીઓના કેવા ખ્યાલો છે? નસીબથી બધું સારું ગોઠવી શકાય કે પુરુષાર્થનો ખપ પડે? પ્રારબ્ધવાદીઓ અને પુરુષાર્થવાદીઓ બંનેમાંથી કોણ ચડિયાતું ગણાય? આપણે કેવા બનવું જોઈએ? પુરુષાર્થ દ્વારા કંઈક પામ્યાં હોય એવાં કોણ કોણ? - આટલો વિચાર કર્યા પછી આપણા મનમાં લેખનના મુદ્દાઓની એક રૂપરેખા આવી ગઈ હશે. હવે આપણે તેને આ મુજબ ક્રમમાં ગોઠવીશું.

(1) પ્રસ્તાવના

(2) પુરુષાર્થ અને પ્રારબ્ધની તુલના

(3) પુરુષાર્થનું મહત્ત્વ અને જરૂરિયાત

(4) પુરુષાર્થીઓની સિદ્ધિઓ

(5) ઉપસંહાર

- તમે જોયું ને ....? વિચારનાં બિંદુઓ સાંકળીને મુદ્દાઓ તૈયાર કરી શકાય. હવે આ વિષય-નિરૂપણ માટેના મહાન પુરુષાર્થીઓ અને નોંધપાત્ર અવતરણો વિશે વિચારીએ:
- ગાંધીજી, સરદાર વલ્લભભાઈ, રવિશંકર મહારાજ, એડિસન, અબ્રાહમ લિંકન અને આપણા પ્રદેશના આગળ પડતા પુરુષાર્થીઓના મુદ્દાઓ મુજબ અલગ અલગ સ્થાને ગોઠવતા જવું.
- ''સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.''
- 'उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः' , 'પુરુષાર્થ ભાગ્યનો ઘડવૈયો છે.''
- 'Self help is the best help.'
- આ પંક્તિઓને લખાણમાં અલગ અલગ સ્થાને ગોઠવવી.
- આ પ્રમાણે આપેલા વિષય ઉપર મનન કરવાથી અઘરો જણાતો વિષય પણ લખવામાં સરળ બનતો જશે.

**નોંધ :** નિબંધના વિવિધ પ્રકારો ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાને અનુલક્ષીને વર્તમાન પ્રવાહને સંલગ્ન નિબંધો વધુ માત્રામાં પૂછવામાં આવે છે, જે નિબંધના પ્રકારો સાથે સંલગ્ન તથા વિશેષ પ્રકારના હોવાની સંભાવના રહે છે. આવી સ્થિતિમાં આ પ્રકારના નિબંધ લખવા માટે તે વિષયને વર્તમાન પ્રવાહ સાથે સાંકળીને ક્રમબદ્ધ લખવાનો પ્રયાસ કરવો.

હવે આપણે ઉપરોક્ત તમામ નિયમાનુસાર નિબંધલેખનના અમુક નિબંધોનો અભ્યાસ કરીશું. તેના અભ્યાસથી આપણને સ્પર્ધાત્મક પરીક્ષામાં નિબંધ કેવો, કઈ પદ્ધતિનો કે કોઈ પણ વિષયને અનુલક્ષીને કઈ રીતે લખવો તેનો ખ્યાલ આવશે.

## ● કેટલાંક આદર્શ નિબંધના નમૂનાઓ

## 1. માતૃભાષાનું શૈક્ષણિક મહત્વ

પ્રાચીન સમયમાં કહેવાતુ કે માણસ ડહાપણ ધરાવી શકે છે એ એની વિશેષતા છે, કેમ કે બીજા પ્રાણીઓ વિચાર કરી શકતા નથી અને સિદ્ધાંતો બાંધી શકતા નથી, પરંતુ માણસ એવું કરી શકે છે. વાસ્તવિક રીતે આજે હવે એમ પણ કહી શકાય કે માણસ બોલી શકે છે એ એની વિશેષતા છે, કેમકે માણસની બૌદ્ધિક, સાંસ્કૃતિક તેમજ સામાજિક બધી પ્રગતિમાં ભાષાનો ફાળો ઘણો મોટો છે.

હવે, ''ભાષા'' શબ્દનો વ્યાપક અર્થ કરીએ તો ''ભાષા એટલે અભિવ્યક્તિ અને અવગમનનું અવાજોનું બનેલું કોઈપણ માધ્યમ.'' આમ, ભાષા માનવ-સંસ્કૃતિના વિકાસનું એક પરિબળ છે. ભાષા માનવ-સમાજનું સર્જન છે. તેથી જ બાળક એના જે તે સમાજની પ્રણાલિકાગત રીત પ્રમાણે વિચારોનું સંક્રમણ કરતાં શીખે છે, જે તેની માતૃભાષામાં હોય છે. આ રીતે ભાષા એક સામાજિક સંસ્થા કે માનવસંસ્થા છે. "Every human society is held together by language."

ભાષા અન્ય માનવસંસ્થાઓની જેમ સર્વવ્યાપક છે છતાં પ્રજાએ-પ્રજાએ એનું સ્વરૂપ અને નામ જુદાં છે, જે પરિવર્તનીય પણ છે. બાળક સૌપ્રથમ પોતાની માતાના દૂધમાંથી જે ભાષા મેળવે છે એ એની માતૃભાષા ગણાય છે. કોઇ પણ માનવ-બાળક પોતાની માની અથવા કુટુંબની ભાષાના તંત્રને જેટલી ઝડપથી આત્મસાત કરી લે છે તેટલી તેના પછીના જીવનકાળ દરમિયાન કોઇ પણ ભાષા શીખી શક્તો નથી, જો શીખે તો પણ તેનું જીવન કે જીવનમૂલ્યો માતૃભાષા દ્વારા જ ઘડાય છે. વિશ્વની કોઇ પણ સર્જકપ્રતિભા એવી નહીં હોય જેનું પ્રથમ સર્જન માતૃભાષામાં ન થયું હોય. કવિવર ટાગોર લખે છે કે, ''શિક્ષણ તો આહાર જેવું છે. પહેલા જ કોળિયે સ્વાદનો આનંદ મળવો જોઇએ. માતૃભાષામાં એ બને છે. અન્ય ભાષાના શિક્ષણમાં એવું બનવાનો સંભવ નથી. તેના તો પહેલા જ કોળિયે બત્રીસે દાંત હાલી ઊઠે છે. ધરતીકંપ થઇ જાય છે.'' આ દૃષ્ટિએ દરેક વ્યક્તિને પોતાની માતૃભાષા માટે ગૌરવ હોવું જ ઘટે. હું જે ભાષામાં સપનું જોઉ છું, મેં જે ભાષામાં સૌપ્રથમ હાલરડું સાંભળ્યું છે, તે ભાષા મારી માતાના ખોળા જેવી પવિત્ર છે. માતૃભાષામાં બોલવું, લખવું અને તેનું શિક્ષણ મેળવી તેનું રક્ષણ કરવાની ફરજ છે. આમ, સ્વભાષા અભિમાન કે માતૃભાષા અભિમાન સિવાય ભાષા - સુધાર શક્ય નથી.

ભાષા-સુધાર માટે માતૃભાષાનું શિક્ષણ અનિવાર્ય છે. બીજા રાજ્યની ભાષા ન આવડે તો તે ચાલે પણ પોતાના જ રાજ્યની કે

પ્રદેશની ભાષા તો પ્રત્યેક નાગરિકને આવડવી જ જોઇએ. હાલમાં ફક્ત ગુજરાતમાં જ નહીં પણ દેશનાં લગભગ તમામ રાજ્યોમાં જે તે રાજભાષાના શિક્ષણ કરતાં અંગ્રેજી ભાષાના શિક્ષણ પર વધુ ભાર મૂકવામાં આવે છે. ભારતનાં ગામડાંમાં પણ હવે આ રિવાજ ફેલાતો જાય છે અને અંગ્રેજી માધ્યમની શાળાઓનો ઘણો વધારો થતો જાય છે. માતૃભાષાના ભોગે આ શિક્ષણ મેળવવું આપણને પોષાય નહીં. અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા હોવાથી તે જાણવી જરૂરી, પણ તેના કારણે સ્વભાષા બોલવા કે લખવામાં ગૌરવને બદલે ક્ષોભ અનુભવવો કેટલા અંશે વાજબી?

ગુજરાતીમાં એક કહેવત છે કે ''સો શિક્ષક બરાબર એક માતા.'' માતાના ધાવણમાંથી જે સંસ્કાર અને ભાષા સિંચાય છે તે બાળકનો વારસો બની જાય છે અને પેઢીઓ સુધી તે ચાલે છે. ગુજરાતી માતા-પિતાનું બાળક ભલે ઇંગ્લેન્ડમાં જન્મે પણ તેને ગળથૂથીમાં તો ગુજરાતી ભાષા જ આવવાની. એક શિક્ષિત તરીકે આજે પણ મને લાગે છે કે મારી માતૃભાષાની યોગ્ય કેળવણી મને મળી નથી. આવું શું આપણને ક્યારેક નથી થતું?

ગુજરાતી શાળામાં અભ્યાસ કરવા છતાં પણ ગુજરાતી વિષયનું વ્યાકરણ-વિષયક જ્ઞાન ઘણું ઊણું છે. કારણો સ્પષ્ટ છે. ગુજરાતી માધ્યમની શાળાઓમાં ગુજરાતી ભાષા સિવાય શીખવાતા વિષયો જેવા કે ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ગણિત વગેરે વિષયોની ભાષા તો ગુજરાતી જ, પરંતુ જે તે વિષયના શિક્ષકો જે તે વિષયનું જ્ઞાન જરૂર ધરાવતા હોય છે પણ તે વિષયની ભાષા અંગેનું નહીં. કોઇ પણ વિષયનો શિક્ષક સૌપ્રથમ તો તેના વક્તવ્યની ભાષાનો શિક્ષક છે.

માતૃભાષામાં શિક્ષણ મેળવનાર બાળકને અન્ય ભાષા સારી રીતે ન આવડે એ ખ્યાલ આજે આપણે ભૂંસવો પડશે. માતૃભાષાના શિક્ષણને જ પાયાનું શિક્ષણ કહી શકાય. ગુજરાતની ધરતીના છોરુને ગુજરાતી જ શુદ્ધ ન આવડે તે કેટલું શરમજનક ગણાય? માતૃભાષા અથવા સ્વભાષા-સુધાર માટે ગુજરાત સરકાર અને દરેક ગુજરાતીએ કટિબદ્ધ થવું પડશે. દિવસે દિવસે માતૃભાષાના શિક્ષણની ઉપેક્ષા થતી જાય છે એમ નથી લાગતું? ગાંધીયુગમાં ગાંધીજી સહિત ગુજરાતીના જેટલા લબ્ધપ્રતિષ્ઠ સર્જકો ગુજરાતને સાંપડ્યા એટલા અને એવા સર્જકોની ખામી આજે શું નથી જણાતી ? ગુજરાતી ભાષાનું ખેડાણ ઘટતું ગયું છે. ગુજરાતી ભાષામાં સાહિત્ય-પ્રકારો વધ્યા પણ ગુજરાતી સાહિત્યકારો ખૂટવા માંડ્યા છે. જેનું કારણ માતૃભાષાના શિક્ષણનો અભાવ અને ઊણપ. ગુજરાતમાં શિક્ષણનું સ્તર વધ્યું પણ માર્તૃભાષાનાં શિક્ષણનું પ્રમાણ અને સ્તર ઘટતાં જ ગયાં છે. 1929 માં ગાંધીજી પ્રેરિત ''સાર્થ ગુજરાતી જોડણી કોશ'' પછી આજે આટલા વર્ષો બાદ પણ ગુજરાતીઓને આ કોશની આવશ્યકતા સમજાઇ નથી. કારણ? માતૃભાષા પ્રત્યેની ઉદાસીનતા અને અજ્ઞાનતા. આ ઉદાસીનતા અને અજ્ઞાનતા નિવારવા માતૃભાષાના યોગ્ય સ્થાન અંગે કેટલાક ઘટતા પ્રયત્નો કરી શકાય.

કોઇ પણ માધ્યમની શાળામાં ગુજરાતીનું શિક્ષણ ફરજિયાત બનાવવું, ઉચ્ચ શિક્ષણ એટલે કે કૉલેજના વિદ્યાર્થીઓ માટે પણ કોઇપણ પ્રવાહની કૉલેજમાં ગુજરાતી વિષયનું શિક્ષણ ફરજિયાત બનાવવું. કૉલેજનાં પ્રથમ વર્ષમાં ખાસ કરીને વિનયન પ્રવાહમાં અંગ્રેજી વિષય આજે પણ ફરજિયાત છે તે અજુગતું લાગે છે. આપણે ગુજરાતી ભાષા વિશે કદીયે સજાગ રહ્યા નથી. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પણ ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત બનાવવું જરૂરી છે.

જાહેર માધ્યમોની ભાષામાં વપરાતી ગુજરાતીમાં પણ ગુજરાતી લોકોની ઊણી માતૃભાષાનાં જ દર્શન થાય છે. જાહેર માધ્યમોમાં પણ ગુજરાતી ભાષાના તજજ્ઞો-વિદ્વાનોનું માર્ગદર્શન ફરજિયાત બનાવવું જરૂરી છે. ખાસ કરીને ગુજરાતી ભાષાની જોડણી માટે નિશ્ચિત ધોરણ નક્કી કરવાં આવશ્યક છે. આજે પણ કદાચ શુદ્ધ ગુજરાતી ભાષા માટેનાં નિશ્ચિત ધોરણો આપણી પાસે નથી. ''સાર્થ ગુજરાતી જોડણી કોશ'' માં છે તેવા આ શિક્ષણ માટે, સુધારણા માટે પાયાના પ્રયત્નો થવા જરૂરી છે.

કોઇ પણ માધ્યમની શાળાના દરેક શિક્ષકને ગુજરાતી શુદ્ધ, સરળ અને સ્પષ્ટ રીતે બોલતાં, લખતાં અને વાંચતાં આવડવું જોઇએ. કોઇ પણ ક્ષેત્રની નોકરી માટે સાચું ગુજરાતી આવડવું અનિવાર્ય હોવું ઘટે. અન્ય રાજ્ય કે ભાષાના સાહિત્યને ગુજરાતીમાં ઉતારવાના પ્રયાસો થાય છે પણ તે પર્યાપ્ત નથી. આ બાબતે ગતિ વધારી પ્રગતિ સાધવી પડશે. ગુજરાતી ભાષા અને સાહિત્યના સર્જનમાં શ્રેષ્ઠતા લાવી જગતની દરેક ભાષામાં તેનો અનુવાદ થાય એવું ગરવું સાહિત્ય-નિર્માણ ગુજરાતી ભાષામાં થવું આવશ્યક છે.

માતૃભાષાના શિક્ષણમાં અથવા તો કોઇ પણ ભાષાના શિક્ષણ માટે વ્યાકરણનું જ્ઞાન તે પાયાની બાબત છે. આજે શાળા-કૉલેજમાં ગુજરાતી ભાષા કરતાં તેની જોડણી અને વ્યાકરણ વિષયક સાચી માહિતી વિદ્યાર્થીઓને આપવી જ પડશે. ગુજરાતી ભાષાના તાસ પણ વધારે મળે તેવી અપેક્ષા રખાય. હજી આજે પણ કેટલીય શાળા-કૉલેજો તેમજ યુનિવર્સિટીનાં પ્રવેશપત્રો અંગ્રેજીમાં ભરવા પડે છે. આ પ્રથાની જડ નાબૂદ કરવી પડશે. સ્વભાષા શિક્ષણના ઓપવર્ગો ફક્ત સરકારી કચેરીઓ કે કાર્યાલયમાં જ નહીં ચલાવતાં દરેક શાળા, કૉલેજના શિક્ષકો-વિદ્યાર્થીઓ માટે ચાલે તો પરિસ્થિતિ સુધારી શકાય.

અંતે, આ બધાય પ્રયત્નોની સાથો સાથ ગુજરાતમાં ગુજરાતી ભાષામાં જે અંગ્રેજી શબ્દોનું કચુંબર ભળવા માંડ્યું છે. તેની ગંભીરતા સમજી આપણે ભેળસેળિયું ગુજરાતી ન બોલતાં શુદ્ધ ગુજરાતી બોલવાનો આગ્રહ રાખવો પડશે. આપણે શુદ્ધ ગુજરાતી બોલીશું તો બાળકો પણ એવું જ શીખશે અને આગળ જતાં તેમને પણ માતૃભાષાનું મહત્વ સમજાશે તેમજ તેનું શિક્ષણ પણ સરળ બનશે.'

## 2 "વ્યક્તિ માટે જે સર્વશ્રેષ્ઠ છે, જરૂરી નથી કે તે સમાજ માટે પણ હોય જ !"

મહાન ચિંતક રૂસોએ કહ્યું છે કે "માણસ મુક્ત જન્મે છે પરંતુ તે દરેક જગ્યાએ સાંકળો સાથે બંધાયેલો છે." હવે પ્રશ્ન એ થાય છે કે આ સાંકળો શું છે જે માણસ પોતાની સાથે લઈને આવે છે? આ કેવા બંધન છે જે આ સામાજિક પ્રાણીને આજીવન બાંધી રાખે છે. હકીકતમાં આ સંબંધોના બંધન હોય છે જે બંધનોથી જ સમાજ બન્યો છે અને આપણા ઉપર પણ આ બંધન લાદવામાં આવે છે. આ રીતે સમાજમાં વ્યક્તિનું સ્થાન દીવાલની ઈંટ જેવું બની જાય છે, જે દીવાલની તુલનામાં ભલે નાની હોય પરંતુ તેની એક નિશ્ચિત જગ્યા હોય છે, જ્યાંથી તે જરાક પણ ખસે તો તે દીવાલની બધી જ ઇંટને અસર કરે છે. ટૂંકમાં કહીએ તો સમાજ આપણને આપણા જેવાં અન્ય લોકોમાં મહત્વપૂર્ણ બનાવે છે. આવી સ્થિતિમાં એ સમજવું મુશ્કેલ નથી કે વ્યક્તિની બદલાતી જગ્યાથી જે સમાજ પ્રભાવિત થાય છે તે વ્યક્તિની અંદર થતાં ફેરફારોથી પણ ખૂબ પ્રભાવિત થશે. એકંદરે, એવું જણાય છે કે સમાજ અને વ્યક્તિના હિત એકબીજા સાથે સંકળાયેલા છે અને જે વ્યક્તિ માટે શ્રેષ્ઠ છે તે સમાજ માટે પણ શ્રેષ્ઠ હશે. આ માન્યતાના અધિકૃત પરીક્ષણ માટે સૌપ્રથમ આપણે એ જાણવું પડશે કે વ્યક્તિ માટે શ્રેષ્ઠ શું છે? આ સંદર્ભમાં 'To have or To Be' પુસ્તકના લેખક 'એરિક ફ્રોમ' ની ચિંતાનો ઉલ્લેખ કરવો જરૂરી બની જાય છે. જેના અનુસંધાને એરિક ફ્રોમની ચિંતાનો વિષય એ છે કે 'વ્યક્તિ માટે સર્વશ્રેષ્ઠ શું છે?' શું ઘણીબધી જીવનજરૂરી વસ્તુઓ અને પૈસાનો સંગ્રહ જ વ્યક્તિ માટે સર્વશ્રેષ્ઠ છે? કે વ્યક્તિ માટે એ સમજવું સર્વશ્રેષ્ઠ છે કે તેમનું જીવન સુખમય રહે અને આનંદથી વ્યતિત થાય. આ બે પ્રશ્નોનું વિશ્લેષણ જ આપણને આપણા લક્ષ્ય સુધી લઈ જશે.

સૌપ્રથમ આપણે એ સમજવું પડશે કે શરીરની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ થયાં પછી સુખનો સીધો સંબંધ આપણા સંતોષ સાથે છે અને આપણે આપણી અંદર ખુશ રહેવા માટે જરૂરી સંતોષ મેળવી શકીએ છીએ. આ સંદર્ભમાં પ્રખ્યાત ગાયક બૉબ માર્લનું નિવેદન પ્રાસંગિક બને છે, "પૈસા આપણને ક્યારેય સંતુષ્ટ કરી શકતા નથી, કારણ કે તે એક સંખ્યા છે અને સંખ્યાઓ અનંત છે." એ સાચું પણ છે કે સંપત્તિ કે સંસાધનો સાધન માત્ર છે પણ ખરી પ્રાપ્તિ તો આપણી પ્રસન્નતા જ છે. હજું ઉંડાણપૂર્વક વિચારવા પણ આપણને જણાય છે કે પ્રસન્નતા પણ એક માધ્યમ છે જેના દ્વારા આપણે સંતોષ પ્રાપ્ત કરીએ છીએ. સ્વાભાવિક છે કે 'To have or To be'પુસ્તકના છેલ્લા તબક્કામાં 'To be'નો વિજય થવો જોઇએ પણ તેમ છતાં સમાજના કેટલાક વર્ગ એવા પણ છે જેઓ સંગ્રહને જ વાસ્તવિક સુખ માને છે અને તેમાં સંતોષ મેળવે છે. આવી સ્થિતિમાં વ્યક્તિ સમાજ સામે અપવાદ બનીને ઊભો રહે છે. અપરિગ્રહના મૂલ્યની અવગણના કરનારા આ લોકોના કારણે જ એ ધારણા પરિપૂર્ણ થાય છે કે વ્યક્તિ માટે જે શ્રેષ્ઠ છે તે સમાજ માટે શ્રેષ્ઠ હોય તે જરૂરી નથી.

બીજી તરફ વિશેષાધિકારો પર વિચાર કરીએ તો આવા વિશિષ્ટ લાભ, અધિકાર કે આપેલ પ્રતિરક્ષા ઉપકરણ હોય છે, જે ફક્ત અમુક વ્યક્તિઓ અને જૂથોને આપવામાં આવેલા હોય છે. વિશેષાધિકાર અધિકારોથી અલગ હોય છે જેમ શિક્ષણ દરેક વ્યક્તિનો મૌલિક અધિકાર છે જ્યારે કાર પર લાલ લાઇટ લગાવવાનો અમુક વ્યક્તિનો વિશેષાધિકાર છે. વિશેષાધિકાર પોતાની મૂળ પ્રકૃતિમાં જ અસમાનતા પર આધારિત હોય છે. પરંતુ તેઓ વ્યક્તિગત માટે વિશિષ્ટ છે અને તેના શ્રેષ્ઠને અનુરૂપ છે.

આ સંદર્ભમાં પંડિત નહેરુએ કહ્યું છે કે, "નિષ્ફળતા ફક્ત ત્યારે જ આવે છે જ્યારે આપણે આપણા આદર્શ, ઉદ્દેશ્ય અને સિદ્ધાંતોને ભૂલી જઈએ છીએ." આ વાત લોકતાંત્રિક સમાજ કે વર્તમાનથી થોડાક વર્ષો પહેલાંના સમાજમાં પ્રવર્તતા વિશેષાધિકારોના સંદર્ભમાં સ્પષ્ટ જોઇ શકાય છે. દુનિયામાં સ્વતત્રતા, સમાનતા, ન્યાય અને બંધુત્વની સ્થાપના કરવાના પ્રયાસ માટે થયેલી અમેરિકન ક્રાંતિ, ફ્રાંસ ક્રાંતિ, રશિયન ક્રાંતિ કે ભારતનો સ્વતંત્રતા સંગ્રામ તે બધા આ વિશેષાધિકારના જવાબમાં જ ફળીભૂત થયા છે.

આખી દુનિયા પર શાસન કરનાર બ્રિટિશ સત્તા પોતાને લોકતાંત્રિક મૂલ્યોના વાહક કહેતી હતી, પરંતુ હકીકતમાં તેણે પોતાના લોકતાંત્રિક સિદ્ધાંતો ઉપર પોતાના વિશેષાધિકારોને પ્રભાવી બનાવ્યા જેના પરિણામરૂપ એવું થયું કે ક્યારેય અસ્ત ન થનારી બ્રિટિશ સત્તાનો સૂર્યાસ્ત થઇ ગયો.

ચોક્કસપણે વિશેષાધિકારોને સિદ્ધાંતોથી વધુ મહત્વ આપવાની પદ્ધતિએ સમગ્ર વિશ્વના લોકોને તેમના આદર્શોથી અને વિકાસના લક્ષ્યથી દૂર કર્યા છે અને આખા વિશ્વમાં 'અર્થપૂર્ણ નેતૃત્વ'નું સંકટ ઊભું કર્યું છે, જે વૈશ્વિક કટોકટી તરફ દોરી ગયું છે. જેમ કે, જળવાયુ પરિવર્તન, સાયબર અસુરક્ષા, આતંકવાદ, અને શરણાર્થી સંકટ જેવા પડકારોએ પ્રતિકૂળ પરિસ્થિતિઓને ભયાનક બનાવી છે. આ પડકારોનો તાર્કિક ઉકેલ અને સત્યનિષ્ઠા અને પ્રામાણિકતા જેવાં સિદ્ધાંતો ધારણ કરનાર નેતૃત્વ જ આપી શકે છે.

આમ આ વિશેષાધિકાર સાધનની જેમ એક વ્યક્તિના સર્વશ્રેષ્ઠથી સુસંગત હોય પરંતુ તે સમગ્ર સમાજના શ્રેષ્ઠ સાથે સુસંગત હોઇ શકે નહીં. આવામાં જરૂરી થઇ જાય છે કે આપણે આ વાતને સમજીએ અને આત્મસાત કરીએ કે "એવું કંઇપણ જે મધપૂડા માટે હાનિકારક છે, તે મધમાખી માટે ક્યારેય ફાયદાકારક ન હોઇ શકે." આપણો સમાજ જો મધપૂડો છે, તો આપણે મધમાખી છીએ માટે

# 2 CHAPTER સંક્ષેપીકરણ

## સંક્ષેપીકરણ

- સંક્ષેપીકરણ અથવા સારાંશલેખન એટલે જે વિગતો વિસ્તૃતપણે કહેવાઇ હોય તે આપણા પોતાના શબ્દોમાં ફરીથી ટૂંકાણથી લખવી.
- સારલેખન એટલે સંક્ષેપીકરણમાં મૂળ લખાણની વિશેષતા જાળવીને તેમાંથી મુખ્યમુખ્ય મુદ્દાઓ તારવીને ખૂબ ટૂંકાણમાં અને સરળ ભાષામાં રજૂ કરવામાં આવે છે. તેમાં બીજાઓની વાતનો મર્મ સમજી લેવાની જરૂર પડે છે.
- સામાન્ય રીતે સંક્ષેપીકરણ એટલે મૂળ લખાણનાં, પરિચ્છેદનો ત્રીજો ભાગ લખવો તે.

**નોંધ :** અહીં એક વાત ખાસ યાદ રાખવી કે ત્રીજો ભાગ એટલે તમારે અપાયેલા પરિચ્છેદના શબ્દો કે વાક્યો ગણીને તેનો ત્રીજો ભાગ કરવો એવો અર્થ બિલકુલ થતો નથી. એટલે કે ફકરાનાં 18 વાક્યો હોય તો તે જ ફકરાનાં કોઇ 6 વાક્યો ભેગાં કરીને મૂકવાથી સંક્ષેપીકરણ ન થાય.

### ● સંક્ષેપીકરણ માટે બે તબક્કામાંથી પસાર થવું પડે.

(1) મૂળ લખાણનું યોગ્ય અર્થગ્રહણ કરવું, તેના મર્મને - મહત્ત્વની વિગતોને સમજવી, સારરૂપ વિગતો સમજવી.

(2) અર્થગ્રહણ થયા પછી વધારાની આલંકારિક રજૂઆતો, દૃષ્ટાંતો, પુનરાવર્તનો, નિપાત, સંયોજકો આદિને દૂર કરી મર્મને ઓછા અને સચોટ શબ્દો દ્વારા સઘન પુનર્લેખન કરવું.

### ● સંક્ષેપીકરણ માટે નીચેના મુદ્દા ખાસ ધ્યાનમાં રાખવા :

(1) આખા પરિચ્છેદને ત્રણ વખત વાંચો. પહેલી વખત વાંચો ત્યારે તેમાં શું કહેવાયું છે, તે સમજો. બીજી વખત વાંચો ત્યારે તમે જે સમજી રહ્યા છો, તેમાં કાંઇ ચૂકી નથી જવાતું, તે તપાસો. ત્રીજી વાર વાંચો ત્યારે તમે સમજેલા મર્મને વ્યક્ત કરતા શબ્દોને રેખાંકિત કરો.

(2) મહત્ત્વની અને બિનમહત્ત્વની બાબતો અલગ તારવીને જુદી પાડવી, જેથી સારલેખનમાં બિનમહત્ત્વની વસ્તુઓ દૂર કરી શકાય.

(3) લખાણમાં આવતી ઝીણીઝીણી વિગતો તારવવી. એમાં વપરાયેલા શબ્દસમૂહો માટે એક શબ્દ, પારિભાષિક શબ્દ કે સમાસ હોય તો એવા શબ્દસમૂહો જુદા તારવવા. જુદાં જુદાં વાક્યોમાં એકની એક વાત કહેવાઇ હોય એવાં વાક્યો ભેગા કરી પુનરુક્તિ દૂર કરવી.

(4) વધારાનાં વિશેષણો, ક્રિયા વિશેષણો, ક્રિયાપદ, નિપાતો, કે સંયોજકો દૂર કરી શકાય એમ હોય તો તે દૂર કરીને વાક્યો ભેગા કરી લેવાં.

(5) મૂળ ફકરાનાં વાક્યો યથાતથ લેવાનાં નથી, આખાય પરિચ્છેદનો આપણા શબ્દોમાં માત્ર સાર આપી દેવો. બે વાક્યો અહીંથી ને બે વાક્યો તહીંથી ઉપાડીને થીંગડાં દીધે સારો સંક્ષેપ લખી શકાય નહીં.

(6) શબ્દો જે મૂળ બાબત વ્યક્ત કરે છે તેને યોગ્ય વાક્યરચનામાં ગોઠવો.

(7) આ વાક્યોને મૂળ પરિચ્છેદનાં સઘન સંક્ષેપરૂપ ફકરા તરીકે લખો.

(8) અલંકારપ્રચુર ભાષા ન વાપરવી.

(9) મૂળ પરિચ્છેદ અને સંક્ષેપ રૂપે લખાયેલા લખાણને ફરી એક વાર વાંચો અને તપાસો કે કોઈ મહત્ત્વની વિગત સંક્ષેપીકરણ વખતે ચૂકી નથી જવાઈ ને!

(10) ટૂંકમાં સંક્ષેપ આપણા શબ્દોમાં હોવો જોઈએ. એ સળંગ ક્રમબદ્ધ સ્વરૂપમાં હોવો જોઈએ અને સારાંશ વાંચીને મૂળ વક્તવ્યનો અર્થ વાચકને સંપૂર્ણપણે

સમજાય એવો પરિપૂર્ણ હોવો જોઈએ. આ કેવળ સંક્ષેપ છે, વિવરણ કે સમજૂતી નથી. એમાં મુદ્દાસર ટૂંકમાં વાત રજૂ કરવાની હોય છે. આથી પુનરુક્તિ, વાગ્વૈભવ, ઘરગથ્થુ ભાષાપ્રયોગો કે સ્થાનિક બોલીને સ્થાન ન હોવું જોઇએ. તેમાં કોઇ અગત્યનો વિચાર કે મુદ્દો બાકી રહી જવો ન જોઇએ. તેમજ આપણા તરફથી કોઈ વધારાનો વિચાર કે મુદ્દો ઉમેરવો નહીં.

(11) સારાંશ લખતી વખતે તેનું શીર્ષક પણ આપવાનું હોય છે. આ એકંદરે કઠિન કામ છે લખાણના સમગ્ર વિષયને પ્રતિપાદિત કરે એવું શીર્ષક શબ્દમાં, શબ્દસમૂહમાં કે કોઈ કાવ્યની પંક્તિમાં પણ આપી શકાય. આ શીર્ષક વાંચનારને ગમી જાય તેવું હોવું જોઈએ.

• ઉપરોક્ત નિયમાનુસાર સંક્ષેપીકરણના ઉદાહરણોનો અભ્યાસ કરીશું, જેના અભ્યાસથી સ્પર્ધાત્મક પરીક્ષામાં સંક્ષેપીકરણ કરવામાં મદદ કરશે.

## ઉપરોક્ત નિયમાનુસાર સંક્ષેપીકરણના ઉદાહરણોનો અભ્યાસ કરીશું, જેના અભ્યાસથી સ્પર્ધાત્મક પરીક્ષામાં સંક્ષેપીકરણ કરવામાં મદદ મળશે.

### 1. સંક્ષેપીકરણ : આપેલ ગદ્યખંડમાંથી આશરે 1/3 ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ કરો.

અનુભવસૃષ્ટિ મર્યાદિત હતી ત્યાં સુધી જેટલી નજર પહોંચે એટલું જ સામગ્રી રૂપે મળતું. પછી અભાવગ્રસ્ત સમુદાય વચ્ચેની સઘન પ્રવૃત્તિએ મને અચાનક દુનિયા બહારની દુનિયામાં તાણી લીધી. જીવનનાં આ ભયાવહ અને કુત્સિત રૂપોનો મને આવો પરિચય નહોતો. સલામત અને ચીલાચાલુ સમાજ જીવનને પડકારતી આ અંધારઘેરી જીવનરીતિએ મને હચમચાવી. વાસ્તવ સાથેની સીધી અને ગાઢ સંડોવણીએ મને પલટી નાખી. આ સ્થિતિનો પ્રભાવ એવો મોટો કે અનાયાસે એ વાર્તાસર્જનનું નિમિત્ત બની ગયો.

જીવનસંપર્ક કે વાસ્તવિક અનુભવો સર્જનમાં પડઘાવા જોઈએ એવો આગ્રહ હું નથી સેવતી. કેટલીક જલદ વાસ્તવિકતા પરત્વે સર્જકની અકળ લાપરવાહી સમજાતી નથી એ સાચું, પણ ત્યારે એનો અગ્રતાક્રમ અલગ હશે, અથવા તો એને માટે યોગ્ય અભિવ્યક્તિ નહીં મળતી હોય, એમ શંકાનો લાભ આપી એ મુદ્દા અંગે નિરર્થક વિચારણા જતી કરું છું. આમ છતાં મારો પક્ષપાત પેલા મરજીવાઓ માટે, જે રાજસત્તા કે ધર્મસત્તાની સોડ છોડીને પોતાના અવાજને નરવો અને સ્વતંત્ર રાખવા મથે. 'વાહ-વાહ'નો માર્ગ લપસણો છે. જેટલી સાવધાની રાખીએ તેટલી ઓછી. મારા કાર્યક્ષેત્રમાંથી સાંપડેલી સામગ્રીને કલાઘાટ આપવાની મથામણમાં શુદ્ધ કલાસાધકો મને પ્રતિબદ્ધ ગણી બાજુએ મૂકશે, અને એમાં મુખરતા સૂંઘીને એ સર્જનને ઓછું આંકશે, એ સંભાવના હતી જ. સામે પક્ષે જો સાહિત્ય દ્વારા વ્યક્ત થવું હોય તો એની શરતો પાળવી રહી એમ મારીયે પાકી કેળવણી. ધબકારા ચૂકી જવાય એવા તીવ્ર વળાંકો અંગત જીવનમાં આવ્યા છે. સામાજિક વાસ્તવના આ ડરામણા ખૂણાઓમાં ભમવાનું થયું છે. જીવનના આ દાહક અને વિસ્ફોટક વાસ્તવને શબ્દમાં પ્રતિબિંબિત કરતી વખતે હું ક્યારેક ઊણી ઊતરી છું, અને ભાષા સાથે કામ લેતી વેળાએ કદીક પાછી પડી છું.

– હિમાંશી શેલત

● **સાહિત્યસર્જન સમયની વાસ્તવિક સફર**

**સાહિત્યસર્જક રૂપે મારી અનુભવસૃષ્ટિ મર્યાદિત હતી પરંતુ અભાવગ્રસ્ત સમુદાય અને વાસ્તવ સાથેની ગાઢ સંડોવણીએ મને હચમચાવી દીધી. એક સર્જનમાં જીવનસંપર્ક કે વાસ્તવિક અનુભવો પડઘાવા ન જોઈએ. કેટલીક વાસ્તવિકતા પર સર્જકની અકળ લાપરવાહી મને સમજાતી નથી. મારો પક્ષપાત તો પેલા મરજીવાઓ માટે**

છે, જે સત્તા છોડીને પોતાને સ્વતંત્ર રાખવા મથે છે. વાહ-વાહ નો માર્ગ તો લપસણો છે. મારા કાર્યક્ષેત્રમાંથી સાંપડેલી સામગ્રીને કલાઘાટ આપી શુદ્ધ કરી ઘણા કળાસાધકો મથશે. તેથી સામે પક્ષે જો સાહિત્ય દ્વારા વ્યક્ત થવું હોય તો એની શરતો પાળવી રહી.

## 2. સંક્ષેપીકરણ : આપેલ ગદ્યખંડમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ કરો.

દરેક માણસને પોતાનાં ગમતાં કામો કરવામાં મઝા આવે છે. ગમતાં કામો જ કરવાં જોઈએ ! એમાં આપણી ક્ષમતા પણ આપણને મદદરૂપ થતી હોય છે! કોઈ બીજાને રવાડે ચડીને, કોઈની દેખાદેખી કરવામાં ભાગ્યે જ સફળતા મળતી હોય છે. સામેવાળો જે કામમાં સફળ થયો એ કામમાં આપણે પણ સફળ થઈશું, એમ માની લેવામાં જોખમ છે. કારણ કે, સામેવાળામાં જે ક્ષમતા છે, એ તમારી પાસે નથી. એના જેવી આવડત પણ તમારામાં નથી. તમે તમારી રુચિ પ્રમાણે કામ કરશો તો એમાં તમારી ક્ષમતા પણ તમને સાથ આપશે અને એમાં તમારી આવડતને પણ ઝળહળવાની તક મળશે. ને એમાં તમને આનંદ પણ મળશે. કોઈની દેખાદેખીથી કરવાનાં કામમાં કામની શરૂઆતથી જ ચિંતા અને ભય આપણી સક્રિયતાને વળગી પડતાં હોય છે. રુચિ મુજબનાં કામમાં શરૂઆતનોય આનંદ મળે છે અને સમાપ્તિનો પણ આનંદ મળે છે. કામ પૂરું થયાનો આનંદ આપણો થાક ઉતારી નાખે છે.

- ખલીલ ધનતેજવી

- **ખરો આનંદ રુચિ મુજબના કામમાં, અનુકરણમાં નહીં**

**સફળતા અનુકરણથી નહીં પોતાને ગમતાં કામો કરવાથી મળે છે. બીજાના રવાડે ચડીને કદાચ સફળ બનીએ તોપણ આનંદ રહેશે નહીં. દરેક વ્યક્તિમાં ક્ષમતા, આવડત જુદી-જુદી હોય છે. તેથી પોતાની આવડત અને રુચિ પ્રમાણે કામ કરવાથી તેમાં આનંદ પ્રાપ્ત થશે. દેખાદેખીથી કરેલાં કામોમાં ચિંતા અને ભય સતાવે, જ્યારે રુચિ મુજબના કામમાં પ્રારંભ અને અંત બંનેમાં આનંદ રહે છે, બલકે કામ કરવાનો થાક પણ ઊતરી જાય છે.**

## 3. સંક્ષેપીકરણ : આપેલ ગદ્યખંડમાંથી આશરે 1/3 ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ કરો.

શહેરીકરણ, યંત્રીકરણ, વિજ્ઞાન, ટૅકનોલૉજીના વિકાસ સાથે નગર-જીવનમાં પ્રવેશેલી જડતા, ભૌતિકવાદ, ભીંસ અને ભીષણતા, વર્ગભેદ અને વર્ગસંઘર્ષ, અસમાનતા અને સામાજિક ન્યાય, જાતીય વૃત્તિઓ-પ્રકૃતિઓ, માનસિક રોગિષ્ઠ મનોદશા આદિનો આપણા કથાસાહિત્યમાં નોંધપાત્ર ચિતાર અપાયો છે. વિજ્ઞાને ભૌતિકવાદ પ્રસાર્યો, સામાન્ય સગવડો વધારી આપી, પણ માનવીને નૈતિક રીતે પાયમાલ કર્યો. વિજ્ઞાન અને ટેકનૉલોજીના વિકાસે માનવમૂલ્યોનો હ્રાસ કર્યો. વિશ્વને વિનાશના વમળમાં ફંગોળી દીધું, તેનું ચિત્રણ કરવાનું આપણા વાર્તાકારોને સદાય આકર્ષણ રહ્યું છે.

આપણી પ્રજાનો મોટો ભાગ વિજ્ઞાન, યંત્ર કે ટેકનોલૉજી પ્રત્યક્ષ સંપર્કમાં ઓછો આવ્યો હોવાથી તેની સાથે બહુ આત્મીયતા કેળવી શક્યો નથી અને ગાંધીવાદ-પ્રગતિવાદ બેઉની અસર નીચે તેનો સિદ્ધાંતિક વિરોધ આપણા સાહિત્યમાં થયો છે. આપણી કૃષિ સંસ્કૃતિનાં જ મૂળ વિશેષ ઊંડાં હોવાથી, યંત્રસંસ્કૃતિ સાથે આપણી આમ પ્રજા અને બૌદ્ધિકો મેળ કરી શક્યા નથી. એટલે આ બધાનો વિરોધ જ આપણા સાહિત્યમાં જોવા મળે છે. યંત્રસંસ્કૃતિનાં ગુણગાન આપણા સમસ્ત સાહિત્યમાં ભાગ્યે જ જોવા મળે છે. એટલે યંત્રસંસ્કૃતિએ માનવીને કેવો જડ, નિર્મમ બનાવ્યો છે. યંત્રો શોષિતોનું લોહી ચૂસનારાં છે. યંત્રવાદ અને વિજ્ઞાન મનુષ્યને નૈસર્ગિક જીવનથી દૂર લઈ જાય છે. એમનો ભાવનાભ્રંશ કરે છે, એને સંકુચિત, સ્વાર્થી, દંભી, રોગિષ્ઠ માનસનો બનાવે છે. એવી એવી વાતો જ આપણા સાહિત્યમાં જોવા મળે છે. તેથી શહેરીકરણ-યંત્રસંસ્કૃતિ એટલે નગરનું દુર્લભ જીવન અને ગ્રામજીવન એટલે આપણી પ્રાચીન મંગલમય કૃષિ-સંસ્કૃતિ એવો મેળ મળી જતાં ગામડાં અને શહેરની સંસ્કૃતિ વિશેનો એકપક્ષી અભિગમ પણ સહજતાથી કેટલીક વાર કેળવાયેલો નજરે ચડે છે.

- વિજય શાસ્ત્રી / ચંદ્રકાન્ત ગાંધી / અશ્વિન દેસાઈ

- **યંત્ર સંસ્કૃતિ પ્રત્યે સાહિત્યસર્જકની માનસિકતા**

**વિજ્ઞાન અને ટૅકનોલૉજી માનવજીવનને ઉપકારક નીવડ્યાં, પરંતુ તેના પગલે-પગલે શહેરીકરણ અને યંત્રવાદ આવી ગયાં, જેનાથી જડતા, ભૌતિકવાદ, વર્ગભેદ, વર્ગસંઘર્ષ, અસમાનતા વગેરે અનેક બદીઓ પ્રવેશી ગઈ. આપણા કથાસાહિત્યમાં આ બધાંના વિરોધ-સ્વરૂપે જ ચિતાર અપાયો છે. શહેરીકરણ એટલે દુષ્કર નગરજીવન અને ગ્રામજીવન એટલે મંગલમય સરળ જીવન, એવો ખ્યાલ હવે કેળવાયેલો જણાય છે.**

## 4. સંક્ષેપીકરણ : આપેલ ગદ્યખંડમાંથી આશરે 1/3 ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ કરો.

યુદ્ધ પૂરું થયું હતું. ગામનાં ક્ષેત્રોમાં હવે શાંતિ હતી. સૈનિકો ગયા હતા, તોપો દૂર લઈ જવામાં આવી હતી, વિમાનો હવે આકાશમાં ઊડતાં ન હતાં, બોંબના ધડાકા સંભળાતા ન હતા. હવે યુદ્ધ નહોતું, પણ યુદ્ધના અવશેષો તો રહ્યા હતા.

ગામનાં ખેતરોમાં ભૂમિના અંતરમાં અસંખ્ય સુરંગો દટાયેલી હતી. યમદૂતોનું લશ્કર, મૃત્યુનાં સંતાડેલાં સાધનો, એક ડગલું, એક સ્પર્શ, એક ખીલો, એક તાર અને એક ભડાકો થાય, એક દેહ ઊડી જાય, એક પગ કપાય. યુદ્ધ ગયું હતું પણ મૃત્યુનો ભય રહ્યો હતો.

એનું એક પરિણામ આવ્યું. ગામના લોકો જાણતા હતા કે પગલે પગલે મોત આવી શકે. જીવન ક્ષણભંગુર છે એ તેઓ તો જાણતા હતા, અત્યારે એવું અનુભવતા હતા. અને તે પ્રમાણે વર્તવા લાગ્યા. ગમે તે ક્ષણે જીવનનો અંત આવી શકે, પછી પરિગ્રહનો શો અર્થ, લોભનો શો અર્થ, ગુસ્સાનો શો અર્થ, હરીફાઈનો શો અર્થ? ગમે ત્યારે જઈ શકીએ, એટલે સૌના આશીર્વાદ લઈને જઈએ. વેરનો શો અર્થ, ઝઘડાનો શો અર્થ, અભિમાનનો શો અર્થ? અનિશ્ચિત સમય છે એટલે એનો સદુપયોગ કરીએ. ક્ષણે ક્ષણે જીવવાનું છે એટલે દરેક ક્ષણને શુભ બનાવીએ.

ગામનું જીવન સુધરી ગયું. સૌ સૌને સ્મિત કરતાં, કારણ કે કદાચ એ સૌથી છેલ્લું સ્મિત હશે એનું ભાન હતું. થોડા અકસ્માતો તો થયા, અને એનું દુઃખ સૌને રહ્યું; પણ જીવનદૃષ્ટિ, આધ્યાત્મિકતા, ભક્તિ અને શ્રદ્ધા તો સૌમાં વધ્યાં અને સૌનું કલ્યાણ થયું.

-ફાધર

વાલેસ ('પ્રસન્નતાની પાંખડીઓ' પુસ્તક)

- **યુદ્ધનાં પરિણામો**

**યુદ્ધ પૂર્ણ થતાં ગામના બધા વિસ્તારોમાં શાંતિ છવાઈ હતી, પરંતુ યુદ્ધની વિનાશક અસરો હજુ ઓસરી નહોતી. લોકોમાં મૃત્યુનો ભય હતો. પરંતુ સકારાત્મક પરિણામ એ આવ્યું કે ગામના લોકો ક્ષણભંગુર જીવનનો મર્મ સમજી ગયા. પરિણામે તેઓ લોભ, ગુસ્સો, હરીફાઈને બદલે આનંદ અને સંતોષની ભાવનાથી જીવવા લાગ્યા. એક કલ્યાણકારી ગામનું નિર્માણ થયું, જેમાં સૌ ગ્રામજનોમાં જીવનદષ્ટિ, આધ્યાત્મિક, ભક્તિ શ્રદ્ધા જેવા ગુણોનું સિંચન થયું હતું.**

## 5. સંક્ષેપીકરણ : આપેલ ગદ્યખંડમાંથી આશરે 1/3 ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ કરો.

પોતાનો સાચો પરિચય પામવો એ સહજ નથી. વિધાતાએ જો મારું આયુષ્ય દીર્ઘ ન કર્યું હોત તો મારા સંબંધે સ્પષ્ટ ખ્યાલ પામવાનું પણ ન બની શક્યું હોત. જીવનના એ દીર્ઘ ચક્રપથની પ્રદક્ષિણા કરતાં કરતાં આજે વિદાયની વેળાએ એ ચક્રને જ્યારે સમગ્ર રીતે જોઈ શકું છું ત્યારે એક વાત મને સમજાય છે કે મારા પરિચયમાં હું કવિ છું એ સિવાય બીજું કશું કહેવાનું નથી. હું તત્ત્વજ્ઞાની, શાસ્ત્રજ્ઞાની, ગુરુ કે નેતા નથી. માનવને ગમ્ય સ્થાને પહોંચાડવાનો દાવો અમે કરતા નથી. પથિકોની યાત્રાના સહચારી બનવું એ જ અમારું કામ, માર્ગની બન્ને બાજુએ જે છાયા, હરિયાળીનું જે ઐશ્વર્ય, જે ફૂલપાંદડાં, પંખીનાં ગીત - એ રસનાં ભોજ્યમાં અભાવ પૂર્ણ કરવા અમે અહીં આવીએ છીએ. બસ, આ છે અમારો પરિચય.

જે લોકો શંખઘંટા વગાડીને મને ઉચ્ચાસને બેસાડવા ઈચ્છે છે તેમને હું કહું છું કે હું તો નીચલું સ્થાન કે લઈને

# 3 CHAPTER ગદ્ય સમીક્ષા

## ગદ્યસમીક્ષા

ગદ્યસમીક્ષા અથવા ગદ્યાર્થગ્રહણ એટલે આપેલા ગદ્યાર્થનો ભાવાર્થ બરાબર સમજીને પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપવા.

### ● ગદ્યસમીક્ષા માટેની ધ્યાનપાત્ર બાબતોઃ

(1) સૌપ્રથમ તો, આપેલા ફકરાને-ગદ્યખંડને-પરિચ્છેદને એકાગ્ર ચિત્તે વાંચી જાઓ.

(2) આપણું વાંચન વાક્ય પ્રમાણે ને વિરામચિહ્નોને ધ્યાનમાં રાખી થવું જોઈએ. વાક્યાંશો અને વિરામચિહ્નો અર્થ સમજવામાં

સૌથી વધુ મદદરૂપ થાય છે.

(3) જરૂર પડે બીજી વાર વાંચો. બીજી વાર વાંચતી વખતે પરિચ્છેદ/ફકરો શાને વિશે છે, એનું વિષયવસ્તુ શું છે? એમાં મુખ્ય વિચાર શું છે તેને પકડવાનો પ્રયત્ન કરો.

(4) મહત્વના શબ્દો, પદસમૂહો, રૂઢિપ્રયોગો, કહેવત, દૃષ્ટાંત વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરી ગદ્યખંડના મૂળવિચારને પકડો.

(5) પૂછેલા પ્રશ્નો પર વિચારણા કરી ગદ્યખંડ/ફકરાને ધ્યાનમાં લો. પૂછેલા પ્રશ્નો પણ ગદ્યખંડના મૂળ વિચારને ઉજાગર કરનારા હોય છે.

(6) પ્રશ્નના જવાબ લખતાં પહેલાં પ્રશ્ન બરાબર સમજો અને એને અનુરૂપ જ જવાબ લખો.

(7) ગદ્યખંડમાં પૂછાતા પ્રશ્નો સામાન્ય રીતે એકબીજાથી સ્વતંત્ર હોય છે એટલે કે એક પ્રશ્નના ઉત્તરની બીજા પ્રશ્નના ઉત્તરમાં પુનરુક્તિ (પુનરાવર્તન) ન થાય,એનું ધ્યાન રાખવું.

(8) પ્રશ્નના જવાબની ભાષા તમારી પોતીકી છાપવાળી હોય એ રીતની હોવી જોઈએ. છતાં એમાંથી કોઈ ગેરસમજણ ન ઊભી થાય તે કાળજી રાખવી જોઈએ.

(9) જવાબની ભાષા સ્પષ્ટ,સરળ,પ્રાસાદિક અને પ્રશ્ન સાથેની વફાદારી રાખનારી હોવી જોઈએ.

(10) પ્રશ્નોના ઉત્તર ક્રમ પ્રમાણે જ લખવા, આડા-અવળા લખવા નહીં.

(11) જો ફકરાને અનુરૂપ શીર્ષક આપવાનું કહેવામાં આવ્યું હોય, તો ફકરાના હાર્દને રજૂ કરનારું અને બને એટલું ટૂંકુ શીર્ષક આપવું જોઈએ.

(12) ગદ્યખંડને અને એમાં થયેલી વિચારણાને બરાબર સમજ્યા હોઈએ તો જ એના યોગ્ય ઉત્તર આપી શકાય.

● **ઉપરોક્ત નિયમાનુસાર ગદ્યસમીક્ષાના ઉદાહરણનો અભ્યાસ કરીશું, જેના અભ્યાસથી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગદ્યસમીક્ષા કરવામાં મદદ મળશે.**

## આપેલ ગદ્યખંડના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો.

(1) પોતે પોતાના માટે કોઈ પણ પ્રકારનો શ્રમ કરવો ને પારકા ઉપર આધાર ન રાખવો, એનું નામ સ્વાશ્રય. જે ખરાં સ્વાશ્રયી મનુષ્ય છે તો પોતાને યોગ્ય ન હોય, એટલે પોતે જેનો બદલો કોઈ પણ પ્રકારના ઉપયોગી શ્રમથી વાળ્યો ન હોય, તેવા ફળને કદાપિ સ્વીકારતા નથી.

તેમને પોતાના બળ અને પરાક્રમ ઉપર જ વિશ્વાસ હોય છે. તેનાથી જે પ્રાપ્ત થાય તેને મોટી સમૃદ્ધિ માને છે. તેમને ધનવાન થવાની, અધિકાર ભોગવવાની, કીર્તિ મેળવવાની ઈચ્છા નથી હોતી એમ નથી, પણ તે બધું પોતાના બાહુબળથી જ મળે તો ભોગવે છે, નહીં તો પારકી ખુશામતથી તે લેવાનો કદી ઈચ્છતા નથી, તે ન મળે તેનાથી શોક પામતા નથી.

પ્રશ્ન 1. સ્વાશ્રય એટલે શું?

જવાબ: પારકા ઉપર આધાર રાખ્યા વિના, જાતે કરેલા શ્રમને 'સ્વાશ્રય' કહે છે.

પ્રશ્ન 2. સ્વાશ્રયી મનુષ્ય કેવા ફળને સ્વીકારતા નથી?

જવાબ: જેમાં પોતાનો શ્રમ ન હોય કે જે પ્રવૃત્તિમાં ઉપયોગી શ્રમથી બદલો વાળ્યો ન હોય, તેવા ફળને સ્વાશ્રયી મનુષ્ય સ્વીકારતા નથી,

પ્રશ્ન 3. સ્વાશ્રયી મનુષ્યના મતે મોટી સમૃદ્ધિ કઈ છે?

જવાબ: સ્વાશ્રયી મનુષ્ય પોતાના બળ અને પરાક્રમે મેળવેલી સમૃદ્ધિને જ મોટી સમૃદ્ધિ માને છે.

પ્રશ્ન 4. સ્વાશ્રયી મનુષ્ય કેવા સંજોગોમાં પણ શોક કરતા નથી?

જવાબ: સ્વાશ્રયી મનુષ્ય ધન, કીર્તિ અને અધિકાર સ્વબળે મળે તો જ ભોગવે છે, અને એ ન મળે તો શોક કરતા નથી.

પ્રશ્ન 5. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

જવાબ: શીર્ષકઃ સ્વાશ્રયનું મહત્વ

(2) ભવિષ્યમાં દુનિયા કેવી હશે એ આપણે જાણતા નથી, પણ અત્યારના સિનેમા, રેડિયો, ટી.વી. કે અન્ય ઈલેક્ટ્રોનિક સાધનો સામે પુસ્તક હારી જાય અને લુપ્ત થઈ જાય તેમ લાગતું નથી. રેડિયો, સિનેમાં કે એવી બીજી વસ્તુઓ આપણને આનંદ આપી શકે છે, માહિતી આપી શકે, પણ પુસ્તકનો આનંદ અને પુસ્તકમાંથી મળતું જ્ઞાન એક અનોખી અને પોતાની વિશિષ્ટતા ધરાવે છે.

પુસ્તકના વાંચી લીધેલા પાનાં ફેરવીને માણસ તે ફરી વાંચી શકે છે. તેનો આનંદ માણી શકે છે. વાચનમાંથી પોતાને મનગમતાં ચિત્રો તે ઊભાં કરી શકે છે.એક પ્રસંગ કે માહિતી વાંચીને પોતાના જીવનમાં બનેલ કોઈક એવો કે તદ્દન ભિન્ન પ્રસંગની સ્મૃતિ માણી શકે છે. એક પ્રસંગ કે માહિતી વાંચીને પોતાનાં જીવનમાં બનેલ કોઈક એવા કે તદ્દન ભિન્ન પ્રસંગની સ્મૃતિ માણી શકે છે.આવું આજના બીજા કોઈ સાધનમાં શક્ય નથી. પુસ્તકોનો વાચક ઈચ્છા પડે ત્યારે, ઈચ્છા પડે ત્યાંથી પુસ્તક વાંચી શકે છે અને વાંચવાનું બંધ કરી શકે છે.

એક જ પુસ્તકમાંથી ભિન્ન ભિન્ન સ્તરના વાચકો ભિન્ન ભિન્ન પ્રકારનો આનંદ અનુભવી **શકે છે**. એ જ રીતે એક જ માણસ તેની જુદી જુદી મનઃસ્થિતિમાં એક જ પુસ્તકમાંથી જુદા જ પ્રકારનો આનંદ કે જ્ઞાન મેળવી શકે છે. કેટલાંક પુસ્તકો જ્ઞાનની ખાણ જેવા હોય છે, જેમાંથી દરેક વાંચન વખતે નવા અર્થો, નવા સંદર્ભો, નવો આનંદ, નવો સંતોષ મળે છે.

પુસ્તક જ માનવીનો એકાંકી અને સાચો સાથીદાર છે અને કદાચ સદીઓ સુધી રહેશે. વિદ્વાન યોશીદા કેનાકે સાચું જ કહ્યું છે, "દીવાની પાસે એકલા બેઠા હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકેય નથી."

પ્રશ્ન 1. ઈલેક્ટ્રોનિક સાધનોના સંદર્ભમાં પુસ્તક વિશે લેખક શું કહે છે?

જવાબ: અત્યારના સિનેમા, રેડિયો, ટી.વી, કે અન્ય ઈલેક્ટ્રોનિક સાધનો સામે પુસ્તક હારી નહિ જાય, લુપ્ત નહિ થઈ જાય. રેડિયો, સિનેમા કે એવી બીજી વસ્તુઓ આપણને આનંદ આપી શકે છે, માહિતી આપી શકે, પણ પુસ્તકનો આનંદ અને પુસ્તકમાંથી મળતું જ્ઞાન, એક અનોખી અને પોતાની વિશિષ્ટતા ધરાવે છે.

પ્રશ્ન 2. પુસ્તક દ્વારા મળતા જ્ઞાનની વિશિષ્ટતા શી છે?

જવાબ: પુસ્તકના વાંચેલા પાનાં ફરીથી વાંચી આનંદ મેળવી શકાય છે, પોતાને મનગમતાં ચિત્રો ઊભા કરી શકાય છે,પોતાના જીવનમાં બનેલ ભિન્ન પ્રસંગની સ્મૃતિ માણી શકાય છે આ બધી પુસ્તક દ્વારા મળતા જ્ઞાનની વિશિષ્ટતા છે.

પ્રશ્ન 3. પુસ્તકના વાચન વખતે વાચક શું શું વિચારી શકે?

જવાબ: પુસ્તકોનો વાચક ઈચ્છા પડે ત્યારે, ઈચ્છા પડે ત્યાંથી પુસ્તક વાંચી શકે છે અને વાંચવાનું બંધ કરી શકે છે. એક જ પુસ્તકમાંથી ભિન્ન ભિન્ન સ્તરના વાચકો ભિન્ન ભિન્ન પ્રકારનો આનંદ અનુભવી શકે છે. એ જ રીતે એક જ માણસ તેની જુદી જુદી મનઃસ્થિતિમાં એક જ પુસ્તકમાંથી જુદા જ પ્રકારનો આનંદ કે જ્ઞાન મેળવી શકે છે.

પ્રશ્ન 4. પુસ્તકો દ્વારા શું-શું પ્રાપ્ત કરી શકાય?

જવાબ: કેટલાંક પુસ્તકો જ્ઞાનની ખાણ જેવાં છે, જેમાંથી દરેક વાચન વખતે નવા અર્થ, નવા સંદર્ભ, નવો આનંદ, નવો સંતોષ મળે છે.પુસ્તક જ માનવીનો એકાંકી અને સાચે સાથીદાર છે અને કદાચ સદીઓ સુધી રહેશે.

પ્રશ્નઃ 5. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

જવાબ: શીર્ષકઃ પુસ્તકોની મૈત્રી

(3) પર્યાવરણ અને વૃક્ષ ઉછેર વિશે અનેક લેખકો અને કવિઓએ ઘણું બધું સાહિત્ય સર્જન કર્યું છે. પણ ખરેખર જોવા જઈએ તો આ સમૃદ્ધ સાહિત્યનો વાસ્તવિક જીવનમાં પ્રાયોગિક ધોરણે ઉપયોગ કરવાનો સમય આવી ગયો છે.

- દરેક વ્યક્તિએ સમજવું જ રહ્યું કે જો પર્યાવરણની સુરક્ષા કરવી હશે તો માત્ર ભણીને, સમજીને નહીં પણ રૂબરૂ અમલ દ્વારા બતાવવું પડશે કે અમે પણ પર્યાવરણને વહાલ કરીએ છીએ. શરૂઆત અત્યારે જ કરીએ છીએ. શરૂઆત અત્યારે જ કરીએ ચાલો સૌપ્રથમ તો વૃક્ષ વાવીએ, તેનો ઉછેર કરીએ, તેનો કદી નાશ ન કરીએ એવી પ્રતિજ્ઞા લઈએ. આ માટે વૃક્ષારોપણ સપ્તાહની ઉજવણી કરીએ.
- ઊગતાં બાળકોના સિંચનમાં પર્યાવરણની જાળવણીના સંસ્કારો રેડીએ. જીવસૃષ્ટિમાં વનસ્પતિનું યોગદાન જીવનને ટકાવી રાખવામાં, વરસાદને લાવવામાં, જમીનનું ધોવાણ અટકાવવામાં, તેની ફળદ્રુપતા સાચવી રાખવામા, ધરતીને રળિયામણી બનાવવામાં, હવામાનાં વાયુઓનું પ્રમાણ જાળવી રાખવામાં અને જીવન જરૂરી વસ્તુઓની પ્રાપ્તિ માટે તેની અગત્યતા જોઈએ તો સમજાશે કે આપણે ઘણાં મોડાં પડ્યાં છીએ.
- પણ 'જાગ્યા ત્યારથી સવાર' એ ન્યાયે આપણે બધાએ, સરકારે અને આ કાર્યમાં મદદરૂપ થનારી સંસ્થાઓએ યુદ્ધના ધોરણે કાર્ય કરવું પડશે. જો આપણે આમ નહીં કરીએ તો, આપણી આવનારી પેઢીએ ઘણું ગુમાવવા તૈયાર રહેવું પડશે.
- વધતી જતી વસતિ અને ખૂબ ઝડપે ફેલાતા પ્રદૂષણને અટકાવવાનો માત્ર? એક જ ઉપાય વૃક્ષારોપણ, તેની જાળવણી છે. વ્યક્તિગત સજાગતાને કારણે પણ પર્યાવરણની સુરક્ષા અને જાળવણી થઇ શકે.

**પ્રશ્ન 1.** સમૃદ્ધ સાહિત્યનો કેવો ઉપયોગ થવો જોઈએ?

જવાબઃ સમૃદ્ધ સાહિત્યનો વાસ્તવિક જીવનમાં પ્રાયોગિક ધોરણે ઉપયોગ કરવો જોઇએ. દરેક વ્યક્તિએ સમજવું જ રહ્યું કે જોઃ પર્યાવરણની સુરક્ષા કરવી હશે તો માત્ર ભણીને, સમજીને નહીં પણ અમલ દ્વારા બતાવવું પડશે કે અમે પણ પર્યાવરણને વહાલ કરીએ છીએ.

**પ્રશ્ન 2.** પર્યાવરણની સુરક્ષા કેવી રીતે કરી શકાય?

જવાબઃ પર્યાવરણની સુરક્ષા માટે સૌપ્રથમ તો વૃક્ષ વાવીએ, તેનો ઉછેર કરીએ. તેનો કદી નાશ ન કરીએ એવી પ્રતિજ્ઞા લઈએ. આ માટે વૃક્ષારોપણ સપ્તાહ - ઉજવણી કરીએ.

**પ્રશ્ન 3.** ઊગતાં બાળકોમાં કયા સંસ્કારોનું સિંચન જરૂરી છે? શાથી?

જવાબઃ ઊગતાં બાળકોમાં પર્યાવરણની જાળવણી અને કેળવણીના સંસ્કારોનું સિંચન જરૂરી છે, કેમ કે આજનાં બાળકો એ આવતીકાલનું ભવિષ્ય છે.

**પ્રશ્ન 4.** જીવસૃષ્ટિમાં વનસ્પતિનું શું યોગદાન છે?

જવાબઃ જીવસૃષ્ટિમાં વનસ્પતિ જીવનને ટકાવી રાખવામાં, વરસાદને લાવવામાં, જમીનનું ધોવાણ અટકાવવામાં, તેની ફળદ્રુપતા સાચવી રાખવામાં, ધરતીને રળિયામણી બનાવવામાં, હવામાન વાયુઓનું પ્રમાણ જાળવી રાખવામાં અને જીવનજરૂરી વસ્તુઓની પ્રાપ્તિ માટે વનસ્પતિનું યોગદાન છે.

**પ્રશ્ન 5.** ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપોઃ

જવાબઃ શીર્ષકઃ પર્યાવરણ અને વૃક્ષ ઉછેર

(4) આધુનિક કાળમાં મનુષ્યને જીવનમાં ડગલે ને પગલે આત્મવિશ્વાસની જરૂરિયાત પડે છે.આત્મવિશ્વાસ દ્વારા જ મનુષ્ય પોતાના લક્ષ્યમાં સફળ થાય છે. આત્મવિશ્વાસ એ મનુષ્યનું ઘરેણું છે. એ જ દરેક મુશ્કેલીમાં સાથ આપે છે. પોતાની જાતમાં, પોતાના જ્ઞાનમાં, પોતાના વસ્તુત્વમાં વિશ્વાસ હોવો એટલે આત્મવિશ્વાસ. ક્રિકેટની રમતમાં આત્મવિશ્વાસથી દડાને ફટકારનાર ચોગ્ગો અને છગ્ગો લગાવી લોકોની તાળીઓનો ગડગડાટ મેળવી શકે છે. કબડ્ડીની રમતમાં ત્રણ પ્રતિસ્પર્ધીના પગને આત્મવિશ્વાસથી જકડી લેનાર વિજયનો હકદાર બને છે.

- આત્મવિશ્વાસથી ભાષણ આપનારા વક્તા શ્રોતાઓને અભિવાદનનો અધિકારી બને છે. આત્મવિશ્વાસ વીરતાનો સાર છે. આત્મવિશ્વાસથી એક પગથિયું ઉપર ચડતા આત્મશ્રદ્ધાનું દર્શન થાય છે. આત્મશ્રદ્ધા એ આજાનબાહુ પુરુષાર્થની ટચલી આંગળી છે.
- જે કોઇ મુસીબતોમો સામનો કરી શકે છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, આત્મશ્રદ્ધામાં એક એવી પ્રબળ અને અનન્ય શક્તિ છે, જે પાણીને ઘીમાં અને રેતીને ખાંડમાં ફેરવી શકે છે. માણસ જો ધારે તો પુરુષાર્થને સીડી બનાવી આત્મવિશ્વાસથી પોતાના નિર્ધારિત

લક્ષ્યને સિદ્ધ કરી શકે છે.

એવું કહેવાય છે કે, 'કુમળો છોડ જેમ વાળીએ તેમ વળે.' બાળકમાં બાળપણથી જ આત્મવિશ્વાસ કેળવવા અથાગ પ્રયાસ કરવા જોઇએ. સમાજના ઘડતરમાં આત્મવિશ્વાસરૂપી બીજનું રોપણ કરવાની જરૂર છે. આ બીજ જ ભવિષ્યના નાગરિકનું ઘડતર કરે છે. એ વટવૃક્ષ દ્વારા જ દેશ અને સમાજમાં સભ્યતા અને સંસ્કારોનો પાયો દઢ થાય છે.

**પ્રશ્ન 1.** મનુષ્યને જીવનમાં શાની જરૂર પડે છે?

જવાબ: જીવનમાં મનુષ્યને ડગલે ને પગલે આત્મવિશ્વાસની જરૂર પડે છે.

**પ્રશ્ન 2.** આત્મવિશ્વાસ કેળવવા શું કરવું જોઇએ?

જવાબ: આત્મવિશ્વાસ કેળવવા વ્યક્તિએ પોતાની જાતમાં, પોતાના જ્ઞાનમાં, પોતાના વસ્તુત્વમાં વિશ્વાસ હોવો જોઇએ.

**પ્રશ્ન3.** આત્મવિશ્વાસ એ શેનો સાર છે? કઇ રીતે?

જવાબ: આત્મવિશ્વાસ વીરતાનો સાર છે. આત્મવિશ્વાસથી એક પગથિયું ઉપર ચડતાં આત્મશ્રદ્ધાનું દર્શન થાય છે. આત્મશ્રદ્ધાએ આજાનબાહુ પુરુષાર્થની ટચલી આંગળી જ છે. જે કોઇ પણ મુસીબતનો સામનો કરી શકે છે.

**પ્રશ્ન 4.** આત્મશ્રદ્ધાના ક્યારે દર્શન થાય છે? એનાથી શો ફાયદો થાય છે?

જવાબ: આત્મવિશ્વાસ કેળવાતા આત્મશ્રદ્ધાના દર્શન થાય છે. માણસ જો ધારે તો પુરુષાર્થને સીડી બનાવી આત્મવિશ્વાસથી પોતાના નિર્ધારિત લક્ષ્યને સિદ્ધ કરી શકે છે. એવું કહેવાય છે કે કુમળો છોડ જેમ વાળીએ તેમ વળે.

**પ્રશ્ન 5.** ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપોઃ

જવાબ: શીર્ષક આત્મવિશ્વાસનો મહિમા

(5) શિસ્ત ખરેખર શું છે? આવો પ્રશ્ન ખરેખર જ્યારે આપણી સામે આવીને ઊભો રહે છે ત્યારે જવાબ આપવામાં મૂંઝવણ અવશ્ય પેદા થાય છે, પણ સાચાં અર્થમાં વિચારીએ તો શિસ્ત એ મનુષ્યના જીવનઘડતરની પારાશીશી છે. જેમ શરીરની ઉષ્ણતા માપવા થરમૉમીટરનો ઉપયોગ થાય છે.

- તેમાં વ્યક્તિત્વનુ માપન શિસ્ત દ્વારા થાય છે. 'શિસ્ત એટલે નિયમિત અને સંયમિત જીવન.' બાળકને બાળપણથી આ પાઠ ભણવવાની જરૂર છે. કેમ કે બાળપણના સંસ્કારો જ મનુષ્યના મનમાં સૌથી વધારે દઢ થાય છે. બાળકના જીવનઘડતર વખતે ખાસ કાળજી રાખવાની જરૂરિયાત છે.
- કોઇ પણ કાર્ય શક્ય હોય ત્યાં સુધી સ્વયંશિસ્ત દ્વારા કરાવવું. કેમ કે, સ્વયંશિસ્તથી જ બાળકમાં નિયમિતતાની સાથે સાથે વિનય, વિવેક અને સહનશીલતા કેળવાય છે. દમનશિસ્ત અને પ્રભાવશિસ્તનું પણ સમયે સમયે સમજપૂર્વક પાલન કરાવવાથી શિસ્તનું ધોરણ અવશ્ય ઊંચુ આવશે.
- મહાપુરુષોના જીવનમાંથી મળતા બોધને પ્રાયોગિક ધોરણે સમજાવવો, શાળા અને કોલેજમાં શિક્ષકો અને અધ્યાપકો આ બાબત પ્રત્યે ધ્યાન આપશે તો બાળકમાં આત્મવિશ્વાસ કેળવાશે અને લાંબે ગાળે શિસ્ત ટેવ બની દઢ થઇ જશે. એક વખત એવો આવશે કે, બાળકના જીવનનું એ અવિભાજ્ય અંગ બની જશે.

આપણાં બધાના સઘન પ્રયાસથી સમાજમાં શિસ્તનું ધોરણ ઊંચુ આવશે, માનવતાનું મૂલ્ય સમજાશે અને જેનાથી સમાજનું સ્તર ઊંચુ આવશે જ.

**પ્રશ્ન 1.** સાચા અર્થમા શિસ્ત શું છે?

જવાબ: સાચા અર્થમાં વિચારીએ તો 'શિસ્ત એ મનુષ્યના જીવનઘડતરની પારાશીશી છે.' જેમ શરીરની ઉષ્ણતા માપવા થરમૉમીટર નો ઉપયોગ થાય છે, તેમ વ્યક્તિત્વ માપન શિસ્ત દ્વારા થાય છે.

**પ્રશ્ન 2.** બાળકને બાળપણથી જ શિસ્તના પાઠ ભણાવવાની શા માટે જરૂરિયાત છે?

જવાબ: બાળપણના સંસ્કારો જ મનુષ્યના મનમાં સૌથી વધારે દઢ થાય છે. બાળકના જીવનઘડતર વખતે ખાસ કાળજી રાખવાની જરૂરિયાત છે. કોઇ પણ કાર્ય શક્ય હોય ત્યાં સુધી સ્વયંશિસ્ત દ્વારા કરાવવું.

**પ્રશ્ન 3.** સ્વયંશિસ્તથી બાળકમાં શું શું કેળવાય છે?

જવાબ: સ્વયંશિસ્તથી જ બાળકમાં નિયમિતતાની સાથે સાથે વિનય, વિવેક અને સહનશીલતા જેવા ગુણ

કેળવાય છે.

પ્રશ્ન 4. મહાપુરુષોના જીવનમાંથી મળતા બોધને પ્રાયોગિક ધોરણે સમજાવવાથી શો ફાયદો થાય ?

જવાબ: મહાપુરુષોના જીવનમાંથી મળતા બોધને પ્રાયોગિક ધોરણે સમજાવવાથી બાળકમાં આત્મવિશ્વાસ કેળવાશે અને લાંબેગાળે શિસ્ત ટેવ બની દઢ થઈ જશે.એક વખત એવો આવશે કે બાળકના જીવનનું અવિભાજ્ય અંગ બની જશે.

પ્રશ્ન 5. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો:

જવાબ: શીર્ષક જીવનમાં શિસ્તનું મહત્ત્વ

(6) વર્તમાન જગતમાં વિજ્ઞાનની અવનવી શોધખોળો અને તેની ગતિવિધિઓ પ્રમાણે મનુષ્ય પોતાની જીવનશૈલી ઘડે છે, એમાં ગોઠવવાનો સતત પ્રયાસ કરે છે. પણ ઘણી વખત એવું સ્વીકારવું પડે છે કે આપણા પૂર્વજોએ જે નિયમો, રીતિરિવાજો, અમુક સિદ્ધાંતો બનાવ્યા હતા, એ ખરેખર વિજ્ઞાનને આધારે જ હતા. સવારે વહેલા ઊઠવું, સમયપાલન કરવું, સમતોલ આહાર લેવો, સાદું જીવન અને ઉચ્ચ વિચારીને મહત્ત્વ આપવું.

- નિયમિત અને સંયમિત જીવન જીવવું આ બે પાયાના સિદ્ધાંતો છે. આ ઉપરાંત ગુરુકુળમાં રહીને વિદ્યાભ્યાસ કરવો, જીવનને જરૂરી એવી બધી કેળવણી સાદી અને સરળ રીતે મેળ્અવવાની સાથે સાથે સદ્ગુણોને દઢ ક્રવાં .

- કુદરતને ખોળે કોઇ પણ પ્રકારના રાગ, દ્વેષ, લોભ, મોહ વિના સંતોષથી જીવવું આ બધા જ નિયમો કોઇને કોઇ રીતે વિજ્ઞાન સાથે જોડાયેલા છે. હવે વિચારવું રહ્યું કે આ બધા નિયમોનો કેટલો પ્રભાવ આપણાં જીવનમા છે.

- જેટલા વધારે નિયમોનું પાલન આપણે કરીશું એટલા જ વધારે સ્વસ્થ અને સુખી રહીશું. જગત ગમે તેટલી પ્રગતિ કરે, વૈજ્ઞાનિક શોધખોળો કરે પણ વૈદિકશાસ્ત્રમાં બતાવેલા સિદ્ધાંતોનું પાલન એ જ માનવજીવનનું તથ્ય અને સત્ય છે,એને સ્વીકારવું જ રહ્યું .

પ્રશ્ન 1. મનુષ્યની જીવનશૈલી શી રીતે ઘડાય છે?

જવાબ: વર્તમાન જગતમાં વિજ્ઞાનની અવનવી શોધખોળો અને તેની ગતિવિધિઓ પ્રમાણે મનુષ્યની જીવનશૈલી ઘડાય છે.

પ્રશ્ન 2. આપણા પૂર્વજોએ કયા કયા પાયાના સિદ્ધાંતો સૂચવ્યા છે?

જવાબ: આપણા પૂર્વજોએ સવારે વહેલા ઊઠવું, સમયપાલન કરવું, સમતોલ આહાર લેવો, સાદુ જીવન અને ઉચ્ચ વિચારોને મહત્વ આપવું , નિયમિત અને સંયમિત જીવન જીવવું આ બધા પાયાના સિદ્ધાંતો સૂચવ્યા છે.

પ્રશ્ન 3. માનવજીવન પર આ સિદ્ધાંતોનો કેવો પ્રભાવ હોવો જોઇએ?

જવાબ: પૂર્વજોએ બનાવેલા નિયમોનું જેટલું પાલન આપણે કરીશું એટલા જ વધારે સ્વસ્થ અને સુખી રહીશું.જગત ગમે તેટલી પ્રગતિ કરે, વૈજ્ઞાનિક શોધખાળ કરે પણ વૈદિકશાસ્ત્રમાં બતાવેલા સિદ્ધાંતોનો પ્રભાવ માનવજીવનમાં રહેશે જ.

પ્રશ્ન 4. માનવજીવનનું તથ્ય અને સત્ય કયું છે?

જવાબ: વૈદિકશાસ્ત્રોમાં બતાવેલા સિદ્ધાંતોનું પાલન એ જ માનવજીવનનું તથ્ય અને સત્ય છે.

પ્રશ્ન 5. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો:

જવાબ: શીર્ષક જીવનઘડતરની ચાવી.

(7) ભારતીય સંસ્કૃતિ શબ્દ નજર સમક્ષ આવતાં જ વિવિધતામાં એકતા, ધર્મસહિષ્ણુતાં, સર્વધર્મસમભાવ વગેરે જેવા ભારેખમ શબ્દો જ સ્મૃતિપટ પર અંકાય છે અને એના દ્વારા જ એ સમૃદ્ધ છે. ખરેખર આપણી સંસ્કૃતિ કેવી અને કેટલી અજોડ છે એનો અભ્યાસ કરીએ તો જ એના વિશે કઇંક મંતવ્ય રજૂ કરી શકીયે.

- પ્રાચીન કાળની રીતભાત, રહેણીકરણી પર નજર નાખીશું તો અવશ્ય ખ્યાલ આવશે કે લોકોનું જીવનધોરણ કેટલું સરળ હતું, જરૂરિયાત કેટલી ઓછી હતી છતાં લોકો કેટલા સુખી અને સંતોષી હતા. લોભ, લાલચ, સ્વાર્થ, કપટ વગેરે જેવા શબ્દો

Unleash the topper in you

કદાચ એમના શબ્દકોશમાં જ ન હતા.

- તેઓ પોતાનાં બાળકોમાં સદ્‌ગુણોનું સિંચન કરતા અને એક સારો માનવી બનાવવાની કોશિશ કરતાં. ખાસ કરીને પોતે અમલ કરીને સદ્‌ગુણોનું પાલન કરવાની ટેવ પાડતાં. આ વધારે અસરકારક શિક્ષણ છે એવી સમજ તેઓ ધરાવતા. પ્રાચીન કાળમાં જ્ઞાનને વધારે મહત્ત્વ અપાતું તેથી જ ઋષિમુનિઓને ખૂબ માન અપાતું અને જેટલું મેળવી શકાય એટલું જ્ઞાન લોકો એમની પાસેથી મેળવતા.
- દરેક ક્ષેત્રમાં સમજપૂર્વક આગળ વધતાં આ સાચી સમજણ અને સ્વાવલંબન એ સંસ્કૃતિની ધરોહર છે. સવધર્મસમભાવ અને ધર્મસહિષુતા પણ આ સમજને કારણે જ જન્મે છે. જો આટલી સમજણ કેળવીશું તો ઉમાશંકર જોશીની પ્રસિદ્ધ પંક્તિ માનવી હું માનવ થાઉં તોય ઘણુંને યથાર્થ કરી શકીશું અને એના દ્વારા જ જીવનની સાર્થકતા કેળવાશે.

પ્રશ્ન 1. ભારતીય સંસ્કૃતિ શાના દ્વારા સમૃદ્ધ બની છે?

જવાબઃ ભારતીય સંસ્કૃતિ વિવિધતામાં એકતા, ધર્મસહિષ્ણુતા, સર્વધર્મસમભાવ વગેરે દ્વારા સમૃદ્ધ બની છે.

પ્રશ્ન 2. પ્રાચીન સમયના લોકો કેવાં હતાં ?

જવાબ: પ્રાચીન સમયના લોકોનું જીવનધોરણ સરળ હતું, જરૂરિયાત ઓછી હતી છતાં લોકો સુખી અને સંતોષી હતા. લોભ, લાલચ, સ્વાર્થ, કપટ, વગેરે જેવા ગુણ તેમનામાં ન હતાં .

પ્રશ્ન 3. બાળકોના શિક્ષણ અને સંસ્કારો માટે લોકો શું કરતાં ?

જવાબ: બાળકોના શિક્ષણ અને સંસ્કારો માટે લોકો પોતે સદ્‌ગુણોનું પાલન કરવાની ટેવ પાડતાં અને બાળકને એક સારો માનવી બનાવવાની કોશિશ કરતાં .

પ્રશ્ન 4. પ્રાચીન કાળમાં લોકો શાને મહત્ત્વ આપતા ?

જવાબ: પ્રાચીન કાળમાં લોકો જ્ઞાનને વધારે મહત્ત્વ આપાતાં. તેથી જ ઋષિમુનિઓને ખૂબ માન અપાતું અને જેટલું મેળવી શકાય એટલું જ્ઞાન એમની પાસેથી મેળવતાં.

પ્રશ્ન 5. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો:

જવાબઃ શીર્ષકઃ સાચી સમજણ અને સ્વાવલંબન

(8) માનવજીવનમાં પ્રારબ્ધ અને પુરુષાર્થનો સંઘર્ષ સનાતન કાળથી ચાલ્યો આવે છે. એ સંઘર્ષને પરિણામે આજ સુધી અનેક મહાનુભાવોને મૂંઝવણમાં મૂક્યા છે. વિધિના લેખ પર કોઇ મેખ નથી મારી શક્તું, ‘‘નસીબ વિના ન ફળે દરિયો કે દરબાર’’, માનવજીવનમાં આવતી ચડતી-પડતી, સફળતા-નિષ્ફળતા, સુખ-દુઃખ એ નસીબને આધારે છે, એમ પ્રારબ્ધવાદીઓ માને છે.

‘માનવી પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે’ એવી વિચારસરણી પુરુષાર્થવાદીઓ ધરાવે છે. તેઓ માને છે કે પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું છે. પુરુષાર્થ કરવાથી જ માનવી સુખ, સંપત્તિને સત્તાના સર્વોચ્ચ શિખર સર કરી શકે છે. પુરુષાર્થ જીવનની સફળતાનો આધાર છે.

- વિશ્વની મહાન સિદ્ધિઓ પુરુષાર્થનું જ પરિણામ છે. જગતના મહાન નેતાઓ વૈજ્ઞાનિકો, તત્ત્વચિંતકો, પુરુષાર્થથી જ અમર કીર્તિ મેળવી શક્યા છે. જગતની મહાન શોધો પુરુષાર્થનો જ પરિપાક છે. ગાંધીજી પુરુષાર્થનું જીવંત પ્રતીક બન્યા ને મહાસત્તાને નમાવી.
- મહાન વિભૂતિઓના જીવન એટલે પુરુષાર્થની તવારીખ, પ્રારબ્ધને વધારે પડતું મહત્ત્વ આપનાર મનુષ્ય પુરુષાર્થ કરવા પ્રેરાતો નથી. માત્ર પુરુષાર્થ કરવાથી બધું મળતું હોય, તો જગતમાં સરખી મહેનત કરનારા બધા જ સરખા હોત. પણ એમ બનતું નથી. પુરુષાર્થ સાથે દીર્ઘદૃષ્ટિ હોવી જરૂરી છે.
- કવિ રાજેન્દ્ર શાહના ‘આપણાં ઘડવૈયા બાંધવ આપણે’ કાવ્યમાં મહેનતના મૂલ્યની સાથે સાથે આપણામાં પારસમણિ જેવી શક્તિઓ છે, જેને બહાર કાઢવાની ગુરુચાવી પણ આપણે જ છીએ એ સમજાવીને જીવન ઘડતરની સીખ આપી છે.
- આમ, પ્રારન્ધ અને પુરુષાર્થ એકબીજાના પૂરક છે. આજનો પુરુષાર્થ આવતી કાલનું પ્રારબ્ધ બની શકે છે. નસીબના ખજાનાને ખોલતી ચાવી પણ બની શકે છે.

પ્રશ્ન 1. માનવજીવનમાં કયો સંઘર્ષ ચાલી રહ્યો છે ? શા માટે ?

જવાબઃ માનવજીવનમાં પ્રારબ્ધ અને પુરુષાર્થનો સંઘર્ષ સનાતન કાળથી ચાલ્યો આવે છે, કારણ કે પ્રારબ્ધવાદીઓ અને પુરુષાર્થવાદીઓનાં મંતવ્યો અલગ અલગ છે.

4

CHAPTER

# પત્રલેખન

## પત્રલેખન :

- પત્રલેખન એક અત્યંત કૌશલ્યપૂર્ણ કળા છે. આજના પ્રગતિશીલ સમાજમાં પત્રોનું એક આગવું મહત્ત્વ છે. આપણા પારસ્પરિક પરિચયનું ક્ષેત્ર વ્યાપક બની રહ્યું છે અને દરેક એકબીજાની નિકટ જવા માગે છે. પરિણામે પત્રલેખનના ક્ષેત્રની સીમાઓ પણ ઘણી વિસ્તૃત બની ગઈ છે.
- ખરેખર તો પત્ર વિચારોના આદાન-પ્રદાનનું માધ્યમ છે. સમયને અનુરૂપ એકબીજાનાં સુખ-દુઃખ, સલાહ-સૂચન અને માર્ગદર્શન મેળવવા માટે પણ વ્યક્તિ ઉત્સુક રહે છે. એમાં પત્ર જ મદદરૂપ થાય છે.
- હાઈટેક ટૅક્નોલોજીના સાંપ્રત જમાનામાં પણ પત્રલેખન સાવ ભુલાઈ ગયું નથી, તે સ્વીકારવું રહ્યું. આજે ઈ-મેઈલ, વૉટ્સએપ, ટેલિફોન, મોબાઇલ કે અન્ય ઘણા માર્ગે સંચાર-વિનિયમ સાધી શકાય છે, પરંતુ પત્રલેખનમાં શબ્દોની અનોખી સુવાસ અનુભવાય છે; તે બીજે હોતી નથી. એટલે જ આજે પણ પત્રલેખનનું મહત્ત્વ જળવાઈ રહ્યું છે.

### ❒ પત્રોનું રૂપવિધાન : (માળખું)

- આજના પરિવર્તનશીલ યુગમાં પત્રોનું સ્વરૂપ પરંપરાગત રહ્યું નથી. સંબોધનો અને 'સ્વ-નિર્દેશો'નું માળખું બિલકુલ બદલાઈ ગયું છે; અને એ જરૂરી પણ નથી કે આપણે જૂના જ ઢાંચાને અનુસરવો. નવું માળખું અપનાવવામાં બિલકુલ વાંધો ન હોવો જોઈએ. પરંતુ આ સ્થિતિ વ્યક્તિગત પત્રો માટે સ્વીકાર્ય થઈ શકે. સરકારી પત્રો, અરજી-પત્રો કે વ્યાવસાયિક પત્રોમાં નિશ્ચિત સ્વરૂપ કે ઢાંચા-માળખાનું પાલન અનિવાર્ય બની જાય છે.

### ❒ પત્રનો ઉદ્દેશઃ

- પત્ર-પ્રેષક મનની ભાવનાઓ પ્રેષિત સુધી પ્રભાવના તથા યથાતથ સ્વરૂપે પહોંચાડવા માગે છે.

### ❒ પત્રલેખનના પ્રકારો

(1) અનૌપચારિક પત્ર

(2) ઔપચારિક પત્ર

**(1) અનૌપચારિક પત્રઃ**

- અનૌપચારિક પત્ર એટલે મિત્રો, પરિવારજનો, સગાં-સંબંધીઓ કે સ્વજનો, ઓળખીતા-પાળખીતાઓને લખાતો વ્યક્તિગત કે અંગત પત્ર

**(2) ઔપચારિક પત્રઃ**

- ઔપચારિક પત્રમાં કેટલાક પેટા પ્રકાર છે :
  1. અધિકૃત પત્રઃ અધિકૃત કે સત્તાવાર રીતે લખાતો, અધિકારીને સંબોધીને લખાતો, સત્તાવાળાઓને કે અખબારના તંત્રીને, સરકારના ઉચ્ચાધિકારીને, સરકારના પ્રધાન કે સત્તાધીશને ઉદ્દેશીને લખાતો પત્ર.
  2. વ્યાપાર ઉદ્યોગ કે વ્યવસાયને લગતો પત્રઃ વ્યાપારી ગૃહો, વેપારી મહામંડળો કે એવાં જ વ્યવસાય-જૂથોને સંબોધીને લખાતો પત્ર. આવો પત્ર ગ્રાહકોને પણ લખાતો હોય છે.
  3. અરજીઃ આવો પત્ર અરજીપત્રક કે વિનંતીના અર્થમાં પણ લખાતો હોય છે.

### ❒ બિન-સરકારી પત્રવ્યવહાર :

આ પત્રોનું સ્વરૂપ ત્રણ ભાગમાં વહેંચી શકાય :

(1) પત્રોનો શીર્ષભાગ

એમાં (પ્રેષક) મોકલનાર જમણી બાજુ પર પોતાનું પૂરું નામ-સરનામું અને ડાબી બાજુએ મેળવનારનું નામ-સરનામું લખે છે.

(અ) સંબોધન :

વ્યક્તિનો પ્રેષિત સાથે જેવો સંબંધ હોય તેને અનુરૂપ સંબોધન રાખવું. સંબોધનો કેવાં લખાય છે તે નીચે સમજાવ્યું છે.

(બ) અભિવાદન અને સમાપનઃ

એમાં પણ લખનાર અને જેના ઉપર પત્ર લખાયો હોય તે વ્યક્તિ વચ્ચેના સંબંધને અનુરૂપ શબ્દ કે શબ્દપ્રયોગો વપરાય છે.

(1) વડીલો માટે

સંબોધન : શ્રદ્ધેય, પૂજ્ય, આદરણીય, પરમ આદરણીય, માન્યવર, શ્રીમાન, માનનીય, પૂજનીય, શ્રીમતી, પૂજ્ય મહામાત્ય વગેરે.

અભિવાદન : ચરણસ્પર્શ, પ્રણામ, નમસ્કાર, સાદર પ્રણામ, પુત્ર, પૌત્ર, પૌત્રી વગેરે.

સમાપ્તિઃ આપનો આજ્ઞાંકિત, આપનો પ્રિય, સ્નેહાકાંક્ષી

(2) સમયવયસ્ક માટેઃ

સંબોધનઃ પ્રિય, પ્રિયવર, મિત્રવર, પ્રિય બંધુ, પ્રિય ભાઈ, પ્રિય મયૂર (નામ લખવું હોય તો)

અભિવાદનઃ સ્નેહસ્મરણ, સ્નેહ, નમસ્કાર, નમસ્તે

સમાપ્તિઃ સસ્નેહ, તારી, તારો જ, શુભેચ્છક, શુભચિંતક, શુભાકાંક્ષી

(3) ઉંમરમાં નાની હોય તેવી વ્યક્તિઓ માટે :

સંબોધનઃ પ્રિય, પરમ પ્રિય, પ્રિયવર, ચિરંજીવ

અભિવાદન : પ્રસન્ન રહો, હંમેશા સુખી રહો, આશિષ, આશીર્વાદ, સ્નેહાશિષ

સમાપ્તિઃ તારો શુભચિંતક, તારો હિતૈષી, શુભાકાંક્ષી.

આમ, પ્રથમ ભાગમાં નીચેની વસ્તુઓ હોય છે :

(1) પ્રેષકનું નામ અને સરનામું
(2) સ્થાન
(3) તારીખ
(4) સંબોધન
(5) અભિવાદન

(2) મધ્ય ભાગ (મુખ્ય ભાગ)

- હકીકતમાં આ પત્રનું મૂળ છે, પ્રતિપાદ્ય વિષય છે. આથી સરળ, સ્વાભાવિક, આકર્ષક, પ્રભાવશાળી, શિષ્ટ ભાષામાં પોતાની વાત રજૂ કરવી જોઈએ.
- મુખ્ય વિષય-વસ્તુને ફકરાઓમાં વહેંચીને લખવું. એક ફકરામાં એક જ વાત લખવી.

(3) અંતિમ ભાગ : (સમાપન)

- પત્રના અંત ભાગમાં જવાબ મોકલવા માટેનો આગ્રહ કરાય છે અને ક્યારેક આશીર્વચન (શુભકામના) સાથે પત્રનું સમાપન કરાય છે. અંતમાં નીચે 'આજ્ઞાકારી', 'વિશ્વાસુ' વગેરે લખીને હસ્તાક્ષર કરાય છે.

(4) સરનામું

- આજના જમાનામાં સરનામું સાફ, શુદ્ધ અને સ્પષ્ટ અક્ષરોમાં લખવું જોઈએ. સરનામું લખતાં પહેલાં સૌપ્રથમ શ્રી, શ્રીમતી, કુમારીની સાથોસાથ સરનામાવાળી વ્યક્તિનું નામ લખવું.
- બીજી લીટીમાં માર્ગનું નામ પણ લખવું અનિવાર્ય છે. ગામ, કસ્બા અને શહેરનું સરનામું અને જરૂર હોય તો તાલુકા અને જિલ્લાનું નામ લખવું.
- અંતમાં જ્યાં મોકલવાનું હોય તેનું નામ સ્પષ્ટ અક્ષરોમાં લખવું. અંતમાં પિનકોડ નંબર આપવો.

## ❑ સરકારી પત્રવ્યવહાર માટે ધ્યાનમાં લેવાની બાબતઃ

(1) મથાળે જમણી બાજુએ પત્રનંબર, પત્ર મોકલનાર વિભાગ/ખાતા/કચેરીનું નામ, સરનામું અને તારીખ લખવાં. ટેલિફોન નંબર અને તારનું ટૂંકું રૂપ પણ લખવું.

(2) ત્યાર બાદ ડાબી બાજુ 'પ્રતિ' લખી તેની નીચે સંબોધિત વ્યક્તિ અથવા અધિકારીનો હોદ્દો અને તે વ્યક્તિનું પૂરું સરનામું લખવું.

(3) તેની તરત નીચે મધ્યમાં 'વિષય' શબ્દ લખી તેના પછી ગુરુવિરામ મૂકી પત્રનો વિષય ટૂંકમાં લખવો.

(4) પત્રની શરૂઆતમાં સંબોધનના શબ્દો શ્રીમાન અથવા શ્રીમતી લખી, તેમના પત્રનો સંદર્ભ હોય તો તે આપી તરત કહેવાની વાત પર આવી જવું. લાંબો પત્રવ્યવહાર ચાલ્યો હોય ત્યાં છેલ્લા પત્રનો ઉલ્લેખ કરીને "આપના વિભાગ/કચેરીના તા....... ના પત્ર નં.ના સંબંધમાં સવિનય/આજ્ઞાનુસાર/સૂચનાનુસાર જણાવવાનું કે," જેવા શબ્દો લખી મુખ્ય લખાણ પર આવી જવું.

(5) પ્રત્યેક બાબત અંગે અલગ ફકરો પાડવો.

(6) લખાણ પૂરું થયે જમણી બાજુ નીચે "આપનો, અથવા આપની," લખી અધિકારીનાં સહી અને હોદ્દો લખવાં.

(7) પોતાની જ કચેરીનો સંદર્ભ આપવો હોય ત્યાં "આ કચેરીના તા.......ના પત્ર નં. .. ના અનુસંધાનમાં" એ શબ્દો લખવા.

(8) સંબોધનના શબ્દોમાં મહેરબાન સાહેબ, મહાશય, મહોદય, કૃપાવંત તેમજ અંતમાં આજ્ઞાંકિત, તાબેદાર જેવા શબ્દો ન લખવા.

(9) લખાણ સ્પષ્ટ, ટૂંકું, સરળ અને મુદ્દાસર લખવું. લખાણમાં સૌજન્ય અને શિષ્ટાચાર ચુકાય નહિ તે જોવું.

(10) પત્રની અગત્ય મુજબ તેના મથાળે ડાબી બાજુએ "તાકીદનું", "તાત્કાલિક'" જેવા શબ્દ લખવા.

(11) એક કચેરીમાંથી બીજી સરકારી કચેરી પરના પત્રમાં સંબોધનના શબ્દો શ્રીમાન કે શ્રીમતી અથવા અંત ભાગના સમાપનના વિવેક વચનવાળા "આપનો કે આપની" જેવા શબ્દ લખવાની જરૂર નથી.

## ❒ આવશ્યક સૂચનાઃ

(1) પત્રની ભાષા, પત્ર વાંચનારના શિક્ષણ અને સમાજના સ્તરને અનુરૂપ હોવી જોઈએ.

(2) ભાષા સરળ, રોચક અને અસરકારક હોવી જોઈએ.

(3) નાનાં-નાનાં ઉચિત પ્રભાવક વાક્યો વાપરવાં. વાક્યરચના સાચી હોવી જોઈએ.

(4) અપ્રસ્તુત વાતોનો ઉલ્લેખ ન હોવો જોઈએ.

(5) જે હેતુથી પત્ર લખતા હોઈએ તે હેતુ બરાબર વ્યક્ત થવો જોઈએ.

(6) કૃત્રિમ અને શબ્દાડંબરવાળી ભાષાનો પ્રયોગ ટાળવો.

(7) ભાષા શુદ્ધ અને પરિસ્થિતિને અનુરૂપ હોવી જોઈએ.

(8) ભાષાની અશુદ્ધિથી ખોટો અર્થ ન સમજાય તેનું ધ્યાન રાખવું.

(9) વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરવો.

(10) જોડણી સાચી હોવી જોઈએ.

(11) પ્રયુક્ત શબ્દોનો અર્થ સંદેહાત્મક ન હોવો જોઈએ. દ્વિઅર્થી શબ્દોનો પ્રયોગ બને ત્યાં સુધી ટાળવો.

(12) વ્યક્તિગત પત્રોમાં પોતાપણાનું તત્ત્વ હોવું જોઈએ, જેથી પત્ર મેળવનાર પણ ભાવને અનુરૂપ પ્રતિભાવ આપી શકે.

(13) પત્રમાં વિચારો ક્રમબદ્ધ હોવા જોઈએ.

(14) પત્રની શૈલી આકર્ષક અને પ્રભાવશાળી હોવી જોઈએ.

(15) પત્રનો નિશ્ચિત અર્થ નીકળવો જોઈએ.

## પત્રલેખનનું માળખું

**અનૌપચારિક પત્રનો નમૂનો :**

કખગ / હોદ્દો
સરનામું
તાઃ xx/xx/xxxx

(પ્રિય / પૂજ્ય / વ્હાલા)
પ્રિય મિત્ર,
અબક.

સાદર નમસ્તે,
'સ્રોત (સોશિયલ મીડિયાની માહિતી પરથી)
સંઘર્ષ પ્રયત્નોની ઝલક / શુભેચ્છા..........
સફળતા / ભવિષ્યાત્મક બાબતો ............

લિ.
નામ / હોદ્દો

Toppersnotes
Unleash the topper in you

## પત્રલેખનનું માળખું

**ઔપચારિક પત્રનો નમૂનો :**

કખગ/હોદ્દા
સરનામું
તા : xx/xx/xxxx

પ્રતિ,
નામ,
હોદ્દો,
કચેરી,
સરનામું -2

વિષય : ..........................................................................

સંબોધન (માનનીય શ્રી, શ્રીમાન)

સવિનય જણાવવાનું કે, ............................................................................
..................................................................................................
આભારસૂચક શબ્દો.

લિ.
નામ / હોદ્દો